dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 147 | AD - 2025, Fagan Sud- 03 | Sunday, Dt.02-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કાંગડા અને કુલ્લુ જિલ્લામાં વાદળ ફાટવાના કારણે આવેલા પૂરમાં એક ડઝનથી વધુ વાહનો તણાઈ ગયા

## હિમાચલના પહાડી વિસ્તારોમાં ભારે હીમવર્ષા, ૬૫૦થી વધુ રસ્તાઓ બંધ

સીમલા,તા.૦૧

દેશના પહાડી રાજ્યોમાં ભારે વરસાદ અને હિમવર્ષા ચાલુ છે. છેલ્લા ૩ દિવસથી હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષા અને નીચલા વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. ૩ માર્ચે ફરી વરસાદ અને હિમવર્ષા થવાની શક્યતા છે. તેમજ, ૫ અને ૬ માર્ચે રાજ્યભરમાં હવામાન સંપૂર્ણપણે સ્વચ્છ થઈ જશે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર મુજબ, રાજ્યમાં ત્રણ દિવસથી ચાલી રહેલી હિમવર્ષાને કારણે ૬૫૦થી વધુ રસ્તાઓ અને ૨,૩૦૦ પાવર ટ્રાન્સફોર્મર ઠપ્પ થઈ ગયા છે. ચંબા અને મનાલીમાં પણ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવી છે. જો કે, CBSE બોર્ડની પરીક્ષાઓ નિર્ધારિત સમયપત્રક મુજબ જ યોજાશે. કાંગડા અને કુલ્લુ જિલ્લામાં વાદળ ફાટવાના કારણે આવેલા પૂરમાં એક ડઝનથી વધુ વાહનો તણાઈ ગયા હતા. જ્યારે, જમ્મુ અને કાશ્મીરમાં, ૨૫ થી ૨૮ ફેબ્રુઆરી દરમિયાન, ગુલમર્ગમાં મહત્તમ ૧૧૩ સેમી અને સોનમર્ગમાં ૭૫ સેમી બરફવર્ષા થઈ હતી. ખરાબ હવામાનને કારણે જમ્મુ-કાશ્મીર સરકારે શાળાઓમાં શિયાળુ વેકેશન ૬ દિવસ લંબાવ્યું છે.આ ઉપરાંત, ૧ અને ૩ માર્ચના રોજ યોજાનારી ધોરણ ૧૦ થી ૧૨ની પરીક્ષાઓ રદ કરવામાં આવી છે. હવે આ પરીક્ષા ૨૪ અને ૨૫ માર્ચે લેવામાં આવશે. સતત વરસાદથી શિયાળાના વરસાદની ખાધ ૫૦% જેટલી ભરપાઈ થઈ ગઈ. આના કારણે નદીઓ અને અન્ય જળાશયોના સ્તરમાં ૩ થી ૪ ફૂટનો વધારો થયો છે. રામબન જિલ્લાના બટોતમાં સૌથી વધુ ૧૬૩.૭ મીમી વરસાદ નોંધાયો હતો. આ પછી, કટરામાં ૧૧૮ મીમી અને બનિહાલમાં ૧૦૦ મીમી વરસાદ પડ્યો. ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં સતત વરસાદને



કારણે નાલા નજીક બદ્રીનાથ નેશનલ હાઈવે બંધ કરવામાં આવ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, માર્ચના બીજા પખવાડિયામાં ભોપાલમાં ગરમી ઝડપથી વધશે. છેલ્લા ૧૦ વર્ષથી આ ટ્રેન્ડ ચાલી રહ્યો છે. જો આપણે ડેટા પર નજર કરીએ તો, ૩૦ માર્ચ, ૨૦૨૧ના રોજ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. જ્યારે, ૪૫ વર્ષ પહેલાં, ૯ માર્ચ, ૧૯૭૯ની રાત્રે, પારો ૬.૧ ડિગ્રી નોંધાયો હતો. દિવસનો પારો ૩૮ થી ૪૧ ડિગ્રી વચ્ચે રહેશે. દિલ્હી NCRમાં પણ હવામાનમાં ફેરફાર થયો છે. સવારથી જ હળવો વરસાદ પડી રહ્યો છે. IMD અનુસાર, આગામી ૨૪ કલાક સુધી હવામાન આવું જ રહેવાની ધારણા છે.હવામાન વિભાગે આગાહી કરી છે કે આ વર્ષે તાપમાન સામાન્ય કરતાં વધુ ગરમ હોઈ શકે છે. કેટલાક દક્ષિણ વિસ્તારો સિવાય, દેશના મોટાભાગના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્યથી ઉપર રહી શકે છે. આ દરમિયાન લુ પણ ફુંકાઈ શકે છે. આનું કારણ એ છે કે ૧૯૦૧ પછી, ફેબ્રુઆરીમાં સરેરાશ તાપમાન સામાન્ય કરતાં ૧.૩૪ ડિગ્રી વધુ એટલે કે ૨૨.૦૪ ડિગ્રી સેલ્સિયસ હતું. આ ઉપરાંત, આ વર્ષે ફેબ્રુઆરીમાં ૧૦.૯ મીમી વરસાદ પડ્યો હતો જે ૧૯૦૧ પછીનો ૧૮મો સૌથી ઓછો વરસાદ છે.પર્વતોમાં બદલાતા હવામાનની અસર મેદાની વિસ્તારો પર પણ પડી છે. આ કારણે પંજાબ અને હરિયાણાના કેટલાક ભાગોમાં વરસાદ બાદ તાપમાનમાં ઘટાડો થયો છે. બંને રાજ્યોની સામાન્ય રાજધાની ચંદીગઢમાં ૧૦.૯ મીમી વરસાદ પડ્યો. અહીં તાપમાનમાં ૩ ડિગ્રીનો ઘટાડો થયો. દરમિયાન, પંજાબના અમૃતસરમાં ૧૭.૫ મીમી, ગુરદાસપુરમાં ૨૦.૭ મીમી અને હોશિયારપુરમાં ૨૦.૫ મીમી વરસાદ પડ્યો.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નબળું પડશે. છેલ્લા ૩ દિવસથી હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષા અને નીચલા વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. ૩ માર્ચે ફરી વરસાદ અને હિમવર્ષા થવાની શક્યતા છે. તેમજ, ૫ અને ૬ માર્ચે રાજ્યભરમાં હવામાન સંપૂર્ણપણે સ્વચ્છ થઈ જશે.

## રૂ.૨૦૦૦ની ૯૮.૧૮ ટકા નોટો બેન્કીંગ સીસ્ટમમાં પરત આવી : આરબીઆઈએ માહિતી આપી

(એચ.એસ.એસ),મુંબઈ,તા.૧

૨,૦૦૦ રૂપિયાની ૯૮.૧૮ ટકા નોટો બેંકિંગ સિસ્ટમમાં પાછી આવી ગઈ છે અને હવે જનતા પાસે ફક્ત ૬,૪૭૧ કરોડ રૂપિયાની નોટો જ બચી છે. ભારતીય રિઝર્વ બેંકે શનિવારે આ માહિતી આપી. ૧૯ મે, ૨૦૨૩ ના રોજ, ભારતીય રિઝર્વ બેંકે ૨૦૦૦ રૂપિયાની નોટોને ચલણમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી.



તેના નવીનતમ અપડેટમાં, આરબીઆઈએ જણાવ્યું છે કે ૧૯ મે, ૨૦૨૩ ના રોજ કામકાજના અંતે, ૨૦૦૦ રૂપિયાની ૩.૫૬ લાખ કરોડ રૂપિયાની નોટો ચલણમાં હતી. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ કામકાજના અંતે, બજારમાં ૨૦૦૦ રૂપિયાની નોટોની સંખ્યા ઘટીને ૬,૪૭૧ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આરબીઆઈએ જણાવ્યું હતું કે, ૧૯ મે ૨૦૨૩ ના રોજ ચલણમાં રહેલી ૨૦૦૦ રૂપિયાની નોટોમાંથી ૯૮.૧૮ ટકા બેંકિંગ સિસ્ટમમાં પાછી આવી ગઈ છે.

૭ ઓક્ટોબર ૨૦૨૩ સુધી તમામ બેંક શાખાઓમાં ૨૦૦૦ રૂપિયાની નોટ જમા કરાવવા અને/અથવા બદલવાની સુવિધા ઉપલબ્ધ હતી. હાલમાં આ સુવિધા રિઝર્વ બેંકના ૧૯ ઈશ્યૂ ઓફિસોમાં ઉપલબ્ધ છે. ૯ ઓક્ટોબર ૨૦૨૩ થી, RBI ઈશ્યૂ ઓફિસો વ્યક્તિઓ અને સંસ્થાઓ પાસેથી તેમના બેંક ખાતામાં જમા કરાવવા માટે ૨૦૦૦ રૂપિયાની નોટો પણ સ્વીકારી રહી છે.

આ ઉપરાંત, સામાન્ય લોકો દેશના કોઈપણ પોસ્ટ ઓફિસમાંથી ૨૦૦૦ રૂપિયાની નોટો ભારતીય પોસ્ટ દ્વારા RBI ની કોઈપણ ઓફિસમાં મોકલીને તેમના બેંક ખાતામાં જમા કરાવી શકે છે. આરબીઆઈએ સ્પષ્ટતા કરી છે કે ૨૦૦૦ રૂપિયાની બેંક નોટ કાયદેસર ટેન્ડર તરીકે ચાલુ રહેશે.

## ઉત્તરાખંડમાં બરફમાં ફસાયલા વધુ ૧૭ને બચાવાયા, ૪ શ્રમિકોના મોત

ચમોલી,તા.૦૧

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં સતત વરસાદને કારણે નાલા નજીક બદ્રીનાથ નેશનલ હાઈવે બંધ કરવામાં આવ્યો છે. ઉત્તરાખંડમાં ચમોલી એવલાન્ચમાં અત્યાર સુધીમાં ૪ લોકોનાં મોત થયા છે.



શનિવારે, અકસ્માતના બીજા દિવસે, ૧૭ કામદારોને બચાવી લેવામાં આવ્યા હતા. શુક્રવારે અગાઉ ૩૩ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. જેમાંથી ગંભીર રીતે ઘાયલ ચાર લોકોના સારવાર દરમિયાન મોત થયા હતા. ૫ કામદારો હજુ પણ ગુમ છે. એવલાન્ચમાં ઉત્તર પ્રદેશ, બિહાર સહિત ૬ રાજ્યોના ૫૫ લોકો ફસાયા હતા.૨૮ ફેબ્રુઆરીના રોજ સવારે ૭.૧૫ વાગ્યે ઉત્તરાખંડના ચમોલીના માના ગામ નજીક એવલાન્ચ થયું હતું, જેમાં ૫૫ મજૂરો બરફમાં ફસાઈ ગયા હતા. ચમોલીના DM સંદીપ તિવારીએ કહ્યું- આર્મીના ૪ હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સેના, ITBP, BRO, SDRF અને NDRFના ૨૦૦થી વધુ સૈનિકો બચાવ કામગીરીમાં રોકાયેલા છે. હવામાન હજુ પણ એક પડકાર છે. આ કારણે એર એમ્બ્યુલન્સની વ્યવસ્થા થઈ શકી નહીં. સેનાનાં Mi-૧૭ હેલિકોપ્ટર સ્ટેન્ડબાય પર છે. આ ઘટના બદ્રીનાથથી ૩ કિમી દૂર ચમોલીના માના ગામમાં બની હતી.

### શુક્રવારે 33 લોકોને બચાવી લેવામાં આવ્યા હતા

### એરપોર્ટ પર પ્રધાનમંત્રી મોદીનુ અદકેરૂ સ્વાગત

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જામનગર પહોંચ્યા, જામસાહેબને મળવા ગયા

**પ્રધાનમંત્રી મોદીના આગમનને લઈ શહેરમાં જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા**

જામનગર,તા.૦૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જામનગર પહોંચ્યા છે. તેમનું એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું, જેના પછી તેઓ પાયલોટ બંગલા સુધીના રોડ શોમાં ભાગ લીધો. વડાપ્રધાનને જોવા માટે મોટી સંખ્યામાં લોકો રસ્તાની બંને બાજુ ઊમટ્યા હતા. તેમના અભિવાદન માટે જનમેદની ઉમટી પડી હતી. વડાપ્રધાન આજે જામનગરના ઐતિહાસિક સર્કિટ હાઉસમાં રાત્રિ રોકાણ કરશે. તેમની મુલાકાતને લઈને જિલ્લા વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓએ ચુસ્ત વ્યવસ્થા ગોઠવી છે. એરપોર્ટથી સર્કિટ હાઉસ સુધી વિશેષ કોરિડોર તૈયાર કરવામાં આવ્યો છે, જેથી તેમની યાત્રા સરળ અને સુરક્ષિત બની રહે. સર્કિટ હાઉસ



પરિસરમાં એસપીજી કમાન્ડોએ લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ સતત હાજર છે. વડાપ્રધાનની આ મુલાકાતને લઈને શહેરમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રધાનમંત્રી જામનગર પહોંચતાની સાથે જામસાહેબને મળવા પહોંચ્યા હતા. અત્રે નોંધનીય છે કે વડાપ્રધાનના આગમનને લઈ પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શહેરના તમામ રસ્તાઓ પર પોલીસ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતુ. રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ, એસ.પી. પ્રેમસુખ ડેલુની આગેવાનીમાં તમામ સ્થળો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.












સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
રવિવાર, તા. ૦૨-૦૩-૨૦૨૫

## ખાખરીયા ગામે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનાં હસ્તે રૂા. ૧.૫૦ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત

બાબરા,તા.૦૧

બાબરા તાલુકાના ખાખરીયા ગામે વિકાસના અનેક કાર્યોનો શુભારંભ થયો હતો. ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના હસ્તે લગભગ દોઢ કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાખરીયા ગામમાં ગટર લાઈન, કોઝવે, સીસી રોડ અને બ્લોક રોડ જેવા રૂપિયા ૨૮ લાખના વિકાસકાર્યોનો પ્રારંભ થયો હતો. આ સાથે જ, ગામના લોકોનો ૨૫ વર્ષ જૂનો પડતર પ્રશ્ન પણ ઉકેલાયો હતો. કાળુભાર નદી પરના બ્રિજ માટે સરકારે રૂપિયા ૧.૨૦ કરોડ મંજૂર કર્યા હતા, જેનું પણ આજે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ ખાખરીયા ગામના સરકારી દવાખાનાની મુલાકાત પણ લીધી હતી. તેમણે દવાખાનામાં ઉપલબ્ધ સુવિધાઓ અને સરકારની યોજનાઓ વિશે માહિતી મેળવી હતી અને લોકોને તેના વિશે માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં કરિયાણા જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા ભાજપ પ્રમુખ, પૂર્વ પ્રમુખ, ઉપપ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી, ગામના સરપંચ, ગ્રામજનો અને સંગઠનના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



## અમરેલી - અંબાજી એસટી બસનો શુભારંભ, મુસાફરોમાં ફેલાયો આનંદ

**ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ બસને લીલીઝંડી આપી**

અમરેલી,તા.૦૧

અમરેલી અને તેમજ આજુબાજુનાં ગ્રામ્ય વિસ્તારોની લાગણી તેમજ સામાજીક સંસ્થાઓની રજુઆતને ધ્યાને લઈ અમરેલી એસ.ટી. ડેપો દ્વારા આજે સાંજે ૭:૩૦ કલાકે અમરેલી-અંબાજી બસનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ બસ વાયા લાઠી, બોટાદ, અમદાવાદ, મહેસાણા, સિધ્ધપુર, પાલનપુર થઈ સવારે ૬:૨૦ કલાકે અંબાજી પહોંચશે. ત્યાથી સાંજના ૫ કલાકે આ રૂટ પર અમરેલી ખાતે વહેલી સવારે ૩:૫૦ કલાકે પહોચશે. અમરેલી-અંબાજીનો શુભારંભ ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ બસ શરૂ થતા મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.



## સાવરકુંડલાના વિજપડી ગામે પોલીસ સ્ટેશન બનાવવા માગણી

સાવરકુંડલા,તા.૦૧

સાવરકુંડલાના વિજપડી ગામે પીએસઆઈ સહિતના આધુનિક પોલીસ સ્ટેશન બનાવવાની માગણી પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, વિજપડીથી ૧૧૫-૨૦૦ કિલોમીટરની ત્રિજ્યામાં ૫૦ ગામનો સમાવેશ થાય છે. આ ગામમાં પીજીવીસીએલનું સબ ડિવિઝન પણ કાર્યરત છે. આ ઉપરાંત ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું કેન્દ્ર પણ ફાળવવામાં આવ્યું છે. અહીં છેલ્લા બે-ત્રણ મહિનાથી બસ સ્ટેન્ડ પાસે દર બુધવારે ગુજરી બજાર પણ ભરાય છે. આથી લોકોની જરૂરીયાત મુજબ અહીં આધુનિક પોલીસ સ્ટેશન બનાવવામાં આવે તેવી માગણી થઈ રહી છે.

## અમરેલી અનાજ કરીયાણા રીટેલ મર્ચન્ટ એસો.ની બેઠક મળી

અમરેલી,તા.૦૧

અમરેલી અનાજ કરીયાણા રીટેલ મર્ચન્ટ એસોસીએશનની બેઠક ચતુરભાઈ અકબરીના અધ્યક્ષ સ્થાને કારોબારી સભ્યોની મીટીંગ મળી હતી. આ મિટિંગના અંતે તમામ સભ્યોને પ્રવાસ કરાવવાનો આયોજન કરવામાં આવેલ છે. મીટીંગમાં હાજર રહેલા સભ્યો બાબુભાઈ કાબરીયા, ગિરીશભાઈ ભટ્ટ, મુકુંદભાઈ ગઢીયા, નવનીતભાઈ પડસાલા, આર.કે ગેડીયા, કાનાણીભાઈ, હરેશભાઈ સાદરાણી, અશોકભાઈ અટારા, લાલભાઈ ગઢીયા, યોગેશભાઈ ગણાતરા, હસુભાઈ ભાટિયા તથા તમામ કારોબારી સભ્યો હાજર રહેલા તેમજ આમંત્રિત મહેમાનોમાં જીતુભાઈ ગોળવાળા, જગદીશભાઈ સેલાણી, ભાવેશભાઈ આડતીયા, દિનેશભાઈ ભુવા, ડો. ગજેરા, મજબૂતસિંહ બસીયા, જીલુભાઈ વાળા, ડો. ખૂંટ, યોગેશભાઈ કોટેચા, હકુભાઈ ચૌહાણ, તેમજ સંજયભાઈ રામાણી તથા જગતભાઈ કોટેચા હાજર રહી તમામ કારોબારી તથા એસોસિયનના સભ્યોને શુભેચ્છા પાઠવી અને આભારની લાગણી વ્યક્ત કરી હતી.



## સા.કુંડલામાં ધોરણ ૧૦ના ગણિતના પેપરમાં ડમી વિદ્યાર્થિની પકડાઈ

સાવરકુંડલા,તા.૦૧

૨૭ ફેબ્રુઆરી ૨૦૨૫ થી બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ શરૂ થઈ હતી. ૧ માર્ચ ૨૦૨૫, શનિવારે, ધોરણ ૧૦ ના ગણિતના પેપર દરમિયાન એક ડમી વિદ્યાર્થીની પકડાઈ હતી. ખંડ નિરીક્ષકને શંકા જતા તપાસ કરવામાં આવી, જેમાં ખુલાસો થયો કે સોલંકી શારદાબેન કિશોરભાઈના નામે તેમની મોટી બહેન, સોલંકી દક્ષાબેન કિશોરભાઈ, પેપર આપવા માટે બેઠી હતી. આ ઘટનાની જાણ થતા, સિરિશભાઈ ત્રિવેદીને જાણ કરવામાં આવી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરાઈ હતી. બોર્ડની પરીક્ષાઓમાં ગેરરીતિ રોકવા માટે કડક વ્યવસ્થા હોવા છતાં, આવા બનાવો સામે આવતા રહે છે. અધિકારીઓએ કાનૂની પગલાં લેવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

## સાવરકુંડલામાં મહાશિવરાત્રી નિમિત્તે બહેનો દ્વારા ચાર પ્રહરની પૂજા કરાઈ

અમરેલી,તા.૦૧

સાવરકુંડલા શહેરમાં સ્વામી નિર્દોષાનંદજી આશ્રમ આયોજિત ચાર પ્રહરની પાર્થિવ શિવલિંગ મહાપૂજા અંતર્ગત અહીં આવેલા શિવાજી નગર ખાતે આવેલ પટેલ સમાજની વાડીમાં મહાશિવરાત્રીના પાવન પર્વ પર બહેનો દ્વારા પાર્થિવ શિવલિંગ મહાપૂજાની ચાર પ્રહરની પૂજા કરવામાં આવી હતી.૫૫૦ બહેનોએ શિવલિંગ મહાપૂજાની ચાર પ્રહરની પૂજામાં ભાગ લીધો હતો. બહેનો પણ દેવાધિદેવ મહાદેવ અને પાર્વતી માતાની ભક્તિમાં તલ્લીન જોવા મળી હતી.



## વડિયાના ખડખડ ગામે પત્નીએ તમે ઘરમાં કંઈ ધ્યાન આપતા નથી કહેતા પતિએ ઢીકાપાટુ માર્યા

વડિયા, તા.૦૧

અમરેલી જિલ્લાના ખડખડ ગામે ચોકવાનાર ઘટના સામે આવી છે. ત્યારે વડિયાના ખડખડ ગામે પત્નીએ તમે ઘરમાં કંઈ ધ્યાન આપતા નથી કહેતા પતિએ ઢીકાપાટુ માર્યા હતા.

બનાવ સંદર્ભે રવિનાબેન જયેશભાઈ ચૌહાણે પતિ જયેશભાઈ વશરામભાઈ ચૌહાણ તથા લીલાબેન વા/ઓ વશરામભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે તેના પતિને કહ્યું કે ઘરમાં વસ્તુ નથી તમે ઘરમાં કંઈ ધ્યાન આપતા નથી તેમ કહેતા સારૂ નહીં લાગતા જેમફાવે તેમ ગાળો આપી, શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી ડી કલસરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

## બગસરા શહેરમાં જૈન સમાજે કિંમતી જમીન પાંજરાપોળ માટે દાનમાં આપી

બગસરા તા.૦૧

બગસરામાં છેલ્લા ઘણા વર્ષોથી બંધ હાલતમાં પડેલી પાંજરાપોળ ફરી ખાત મુહર્ત કરી ચાલુ કરવામાં આવશે.જયારે આ પાંજરાપોળ ૧૯૮૨ માં કાર્યરત હતી અને ૧૯૮૨ માં વાવાઝોડું આવતા ખંઢેર હાલતમાં પડેલી કરોડોની કિંમતની જમીનમાં આજે પાંજરાપોળ બનવવાનું ફરી નક્કી કરવામાં આવ્યું હતું.જેમાં જીદયા પ્રેમી અને ઉદાર એવા જૈન સમાજે પોતાની કીમતી જમીન જે અમરેલી રોડ ઉપર આવેલ ત્યાં પાંજરાપોળ બનાવવાનુ નક્કી કરેલ જેનું આજરોજ ખાતમુહર્ત કરવામાં આવેલ હતું.


તસ્વીર : હાર્દિક બામટા

## અમરેલી-ફતેપુર સીસી રોડનું ધારાસભ્ય કૌશિક વેકરીયાના હસ્તે કરાયું ખાતમુહુર્ત

અમરેલી, તા.૦૧

અમરેલી તાલુકાના ફતેપુર ગામે સંતશ્રી જલારામ બાપાના ગુરુશ્રી ભોજા ભગતનું ભોજલધામ ખાતે માર્ગ-મકાન વિભાગ દ્વારા અંદાજિત રૂ.૬૮ લાખના ખર્ચે મંજૂર થયેલ અમરેલી-ફતેપુર સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, આવિસ્તારના સ્થાનિક આગેવાનો, તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી તાલુકાના સોનારિયા ગામ ખાતે અંદાજિત ૭૫ લાખના ખર્ચે મંજૂર થયેલ માર્ગ-મકાન વિભાગ હસ્તકના ચાડિયા-લાપાણીયા સી.સી રોડની કામગીરીનું ખાતમુહૂર્ત કર્યું હતુ.આ વિકાસના કામોમાં ગ્રામજનો પણ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતા.



## નાની કુંકાવાવની પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

અમરેલી,તા.૦૧

નાની કુંકાવાવની પી.એમ.શ્રી પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ તકે બાલવાટિકાથી ધો-૮ ના વિદ્યાર્થીઓને સામેલ કરીને વિજ્ઞાન પ્રદર્શન તથા અંગ્રેજી ભાષા એક્ટિવિટી પ્રદર્શનનું આયોજન કરાયું હતું. શાળાના વર્ગ ખંડોમાં ગણિત-વિજ્ઞાન-અંગ્રેજીની મળીને કુલ-૧૪૨ કૃતિઓ બાળકોએ રજુ કરી હતી. આ તકે ગામના સરપંચ, ગ્રામજનો ઉપરાંત પે.સેન્ટરની પેટા શાળાઓના અંદાજે ૧૫૦ બાળકોએ અને હાઈસ્કૂલના બાળકોએ પણ મુલાકાત લીધી હતી. સીઆરસી કો.ઓ. વસંતભાઈ કોરાટ, બીઆરસી કો.ઓ. નિરવભાઈ સાવલિયા તથા પૂર્વ બીઆરસી ઉદયભાઈ દેસાઈ, હાઈસ્કૂલ આચાર્ય અને શિક્ષકગણ તથા વાલીઓએ પણ કૃતિઓ નિહાળી સમગ્ર શાળા પરિવારને આયોજન માટે ખૂબ બિરદાવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય જયદીપભાઈ પટેલ તથા તમામ સ્ટાફે ખૂબ જહેમત ઉઠાવી હતી.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# બાબરાના જામબરવાળામાં રૂ. ૨૪.૪૦ લાખના વિકાસ કાર્યોનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

બાબરા, તા.૦૧



બાબરા તાલુકાના જામબરવાળા ગામે રૂ. ૨૪.૪૦ લાખના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વિકાસ કાર્યોમાં ગટર લાઈન, કોઝવે સી.સી. રોડ, બ્લોક રોડ અને કમ્પાઉન્ડ દીવાલનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ જણાવ્યું હતું કે, "આ વિકાસ કાર્યો ગામના લોકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. ગટર લાઈન અને કોઝવે સી.સી. રોડથી ગામમાં સ્વચ્છતા અને સુવિધા વધશે, જ્યારે બ્લોક રોડ અને કમ્પાઉન્ડ દીવાલથી ગામની સુંદરતામાં વધારો થશે." આ સમારોહમાં કરિયાણા જિલ્લા પંચાયત સદસ્ય, તાલુકા ભાજપ ઉપપ્રમુખ, યુવા ભાજપ પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ, નગરપાલિકા સદસ્ય, સરપંચ અને પંચાયતના સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રામપુરમાં નવી ગ્રામ પંચાયતનું ઉદ્ઘાટન, સુરવો નદી પર પુલનું કરાયું ખાતમુહૂર્ત

**ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**

તોરી, તા.૦૧


તસવીર : વિનુભાઈ કોટડીયા

વડીયા-મોટી કુંકાવાવ તાલુકાના રામપુર (તોરી) ગામે રૂ.૧૭ લાખના ખર્ચે બનેલી નવી ગ્રામ પંચાયત ઓફિસનું ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાએ ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે રામપુર સરદારપુર રસ્તા પર આવેલી સુરવો નદી પર રૂ.૧ કરોડ ૧૦ લાખના ખર્ચે બનનારા પુલનું પણ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાએ નદી પરની જમીનનું પૂજન કર્યું હતું અને ગામની બહેનો નિર્મલાબેન, પ્રભાબેન, રસીલાબેન અને ધર્મેશભાઈ રાજીવભાઈ દવેએ પુલના પાયાનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ પરશોતમભાઈ હીરપરા, તુષારભાઈ, આશીષભાઈ, શૈલેષભાઈ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વલારડી ગામની ધોળી કુઇ વાળી તરીકે ઓળખાતી સીમમાંથી બાઇકની ચોરી

બાબરા, તા.૦૧

બાબરાના વલારડી ગામની ધોળી કુઈ વાળી તરીકે ઓળખાતી સીમમાંથી બાઈકની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે વલારડી ગામે રહેતા ગોવિંદભાઈ અમરશીભાઈ વસાણીયા (ઉ.વ.૭૦)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે તેમની વાડી ખેતરમાં આવેલા પતરાવાળા ફરજાની બાજુમાં ખુલ્લા પટ્ટમાં બાઈક પાર્ક કરીને રાખ્યું હતું. રૂ.૬૭,૮૮૯ની કિંમતની મોટર સાયકલની અજાણ્યા વ્યક્તિ ચોરી કરી લઈ ગયો હતો.

# અમરેલીમાં લોનના હપ્તાના ટેન્શનમાં યુવકે ફિનાઈલ પીધું

**ઘટના અંગે સીટી એએસઆઈએ તપાસ શરૂ કરી**

અમરેલી, તા.૦૧

જિલ્લામાં લોન લીધા બાદ આર્થિક પરિસ્થિતી કથળતી હોવાથી લોન ભરવાના પણ ફાંફા પડે છે.

અમરેલીમાં રહેતા એક યુવકે લોનના હપ્તાના ટેન્શમાં ફિનાઈલ પીધું હતું. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, યુવકે અલગ અલગ બેન્કમાંતી લોન લીધી હતી. પરંતુ લોનના હપ્તા ભરી શકતા નહોતા. આ લોન તેના બહેન, બનેવી તથા ભાઈ માટે લીધી હતી. પરંતુ હપ્તા ભરતા નહોતા અને ગુજરાન કેમ ચાલશે તે વાતના નબળા વિચારો આવતા હતા. જેથી પોતાની મેળે ફિનાઈલ પી લીધું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એનવી લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ડૉ. જીવરાજ મહેતા પોલીટેકનિક અમરેલી ખાતે યોજાયેલા મેગા પ્લેસમેન્ટ કેમ્પમાં ૩૦૭ વિદ્યાર્થીઓનું સિલેકશન

અમરેલી, તા.૧



ડૉ. જીવરાજ મહેતા પોલીટેકનિક અમરેલી ખાતે યોજાયેલા મેગા પ્લેસમેન્ટ કેમ્પમાં જિલ્લાની નામાંકિત ૧૯ જેટલી કંપનીઓ ઉત્સાહભેર જોડાઈ હતી. મહત્તમ ૨,૫૨,૦૦૦ સેલેરી પેકેજ ઓફર થયું હતું. પ્લેસમેન્ટ ફેર માં કૂલ ૨૧૩ વિદ્યાર્થીઓ સામેલ થયા હતા. તેમાંથી દરેક વિદ્યાર્થીઓને પાંચ અલગ અલગ કંપનીમાં બેસવાની પરમિશન અપાઈ હતી આ રીતે કુલ ૬૪૬ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ બાદ આખરે ૩૦૭ પોસ્ટ માટે વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ હતી. અમરેલી જિલ્લાના મેગા પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૨૫ ને સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં જિલ્લાની તમામ સરકારી તેમજ ગ્રાન્ટેડ કોલેજોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેમજ કોર્ડીનેટર શ્રી એચ બી રેણુકા, કે ડી રામાનુજ, એન વી પીઠડીયા, એચ જી ડાંગર, આર એ નિમાવત, વી એમ હોથી તથા પોલિટેકનિક સંસ્થાના સમગ્ર સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ટીંબી ગામે ખારા વિસ્તારમાંથી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપાઈ

અમરેલી, તા.૧

**પોલીસે દેશી દારૂ બનાવવાનો ૫૦૦ લીટર આથો જપ્ત કર્યો**

અમરેલી જિલ્લાંથી પોલીસે ત્રણ સ્થળેથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપી પાડી હતી. ટીંબી ગામે ખારા વિસ્તારમાંથી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપાઈ હતી. પોલીસે દેશીદારૂ બનાવવાનો ૧૫ લીટર આથો, ૮ લીટર દેશી દારૂ, પ્લાસ્ટીકના કેન મળી કુલ ૨૫૨૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રાજુલા તત્વજ્યોતી વિસ્તારમાંથી દેશી દારૂ બનાવવાનો ૫૦૦ લીટર આથો પકડાયો હતો. અમરેલીમાં ઠેબી નદીના કાંઠેથી ૨૧૦ લીટર આથો મળ્યો હતો. ચાર ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. જ્યારે પાંચ શખ્સો કેફી પીણું પીને વાહન ચલાવતાં ઝડપાયા હતા.

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મં/મરણ નોંધણી/ અરજી નં.૩૨૩/૨૦૨૪ તા.૨૭/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.રાદડીયા શંભુભાઈ પ્રાગજીભાઈ

રહે. સરગમ સોસાયટી, એ-૬, પુણાગામ, સુરત-૩૯૫૧૦

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી પિયાવા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **ભીખાભાઇ શંભુભાઇ રાદડીયાનો જન્મ તા.૧૫/૦૫/૧૯૮૩** ના રોજ મુ.પિયાવા તા. સાવરકુંડલા જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# અવસાન નોંધ

**જૂનાગઢ**

સ્વ. કુસુમબેન કૌશિકભાઈ ભટ્ટ (મીઠાપુરવાળા)નું તા. ૨૮/૦૨ના રોજ અવસાન થયેલ કૌશિકભાઈ ભટ્ટના પત્ની અને મેઘનાબેન, ખ્યાતિબેનના માતા તેમજ હિરેનભાઈ (આશીવાર્દ સ્ટેશનરી), મિતેશભાઈ (રાજકોટ)ના સાસુ થાય છે. તેમનું બેસણું તા.03/03ના રોજ સાંજે ૪થી ૬, વાઘેશ્વરસ સોસાયટી, સિદ્ધનાથ મંદિર, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

**બગસરા**

ધર્મિષ્ઠાબેન જગદીશભાઈ ત્રિવેદી(ઉ.વ.૭૨) તે સ્વ.જગદીશભાઈના ધર્મ પત્ની અને રાજુભાઈ,જયેશભાઈ, દીપકભાઈ તેમજ કિરીટભાઈના ભાભી અને શીતલબેન, નિશાબેન, રૂપલબેન તેમજ રીદીબેનના માતૃશ્રી થાય છે. તેમનું બેસણું /ઉઠમણું તા. ૩ સોમવાર ના રોજ સાંજે ૪ થી ૬ તિરૂપતિ નગર રાધેશ્યામ ધુન મંડળ ખાતે રાખેલ છે.










**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૩૬૭/૨૦૨૪ તા.૨૭/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.નાથજી પરેશભાઈ દીનુભાઈ

રહે. જલારામ સોસાયટી, જેસરરોડ, સાવરકુંડલા, તા.સાવરકુંલા જિ.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **પ્રીશા પરેશભાઇ નાથજીનો જન્મ તા.૧૨/૦૨/૨૦૨૦** ના રોજ મુ.તા. સાવરકુંડલા જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૭/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**




**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

**ઉપલબ્ધ સારવાર**
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર**
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

**ઉપલબ્ધ સારવાર**
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy)
- સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર
- કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov)
- અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ**
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ધારીના મીઠાપુર ડુંગરી ગામે યુવકની હત્યાના ઘેરા પ્રત્યાઘાત, ન્યાયની માંગ

અમરેલી,તા.૦૧

ધારી તાલુકાના મીઠાપુર ડુંગરી ગામમાં કોળી સમાજના યુવક વિશાલ મકવાણાની તેમના લગ્નના માત્ર એક દિવસ પહેલાં હત્યા કરવામાં આવી છે. ત્યારે આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના પ્રતિનિધિ તરીકે અમરેલી જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતન શિયાળ સહિત કોળી સમાજના આગેવાનોએ આજે પીડિત પરિવારની



મુલાકાત લીધી છે. તેમણે પરિવારને સાંત્વના આપી અને ઘટનાની વિગતવાર માહિતી મેળવી છે.આગેવાનોએ આશ્વાસન આપ્યું છે કે આ મામલામાં ન્યાય મેળવવા માટે સરકાર અને ગૃહ વિભાગ સુધી રજૂઆત કરવામાં આવશે. તેમણે આરોપીઓ સામે કડક અને દ્રષ્ટાંતરૂપ કાર્યવાહીની માગ કરી છે. ચલાલા-ધારી વિસ્તારમાં આરોપીઓ સામે ભારે નારાજગી જોવા મળી રહી છે અને સ્થાનિક કોળી સમાજ તથા પરિવાર દ્વારા ન્યાયની માગ કરવામાં આવી રહી છે.

# દામનગરમાં સ્કૂલની નજીક જ કચરાને ખુલ્લામાં ફેંકવામાં આવતાં રોગચાળાનો ભય

દામનગર, તા.૧

કચરા પેટીમાં લખ્યું હોય કચરો મને આપો, અહીંથી તો કચરા પેટી લઈ લેવામાં આવી, કચરો ફેંકો ખુલ્લામાં... છે ને- ગંદકીનોં વિકાસ...!! કચરા પેટી, સ્વચ્છ તા ને લગતા ભીંત સૂત્રો લખવા માટે રૂપિયા ખર્ચાય અને રેલીઓ થાય, તંત્રની વાહ - વાહી




થાય..!! ઠેર - ઠેર કચરા પેટી મુકાય, સફાઈ કામદારો દરેક વિસ્તારમાંથી કચરો એકઠો કરે, ગામને સ્વચ્છ રાખવા માટે લોકોનો સહયોગ મળે.. પણ દામનગરમાં ત્રિકોણ બાગ નજીકના પે એન્ડ યુઝ ટોઈલેટ પાસે મુકેલ લોખંડની કચરા પેટી ને હટાવી લેવાય છે, એટલે કચરાને ખુલ્લામાં ફેંકી દેવાતો હોય નજીકમાં આવેલ બે પ્રાથમિક શાળા અને આ વિસ્તારના લોકો ના આરોગ્ય ઉપર ખરાબ અસર થતી હોય, કચરા પેટી મુકવામાં આવે તેવી લોકોની માંગ છે.

# જાફરાબાદના લોઠપુર ગામની સીમમાં યુવકને માથામાં કોસ મારી

**જાફરાબાદ ટાઉન પોલીસ વધુ તપાસ હાથ ધરાઈ**

જાફરાબાદ, તા.૦૧

જાફરાબાદના લોઠપુર ગામની સીમમાં યુવકને માથામાં કોસ મારવામાં આવી હતી. બનાવ અંગે સોહિલભાઈ રસુલભાઈ દલ (ઉ.વ.૧૯)એ આતુભાઈ નાથાભાઈ સોલંકી (ઉ.વ.૫૦) તથા સુરેશભાઈ આતુભાઈ સોલંકી (ઉ.વ.૧૯) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આતુભાઈ સોલંકીએ તેમને તેમના ખેતરની સામે આવેલા ખેતરમાં માલઢોરને પાણી પાવા નહીં આવવા બાબતે માથાકૂટ કરી ગાળો આપી હતી. જે બાદ તેમણે સુરેશભાઈને સાદ પાડી બોલાવ્યા હતા અને લાખંડની કોશ માથામાં મારીને ઢીકપાટુ માર્યા હતા. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી વી પલાસ વધુ તપાસ કરી રહ્યા છે.

# આંબરડીમાં ખેડૂત ચર્ચા સભા : જમીન અને આરોગ્યના જતનનો સંકલ્પ

અમરેલી, તા.૦૧

રાષ્ટ્રની અગ્રણી રાસાયણિક ખાતર ઉત્પાદક સહકારી સંસ્થા કૃષક ભારતી કો.ઓપ.લી. (ક્રિભકો) અને આંબરડી સેવા સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે આંબરડી ગામે ખેડૂત ચર્ચા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા તાલુકા સંઘ અને એ.પી.એમ.સી.ના ચેરમેન દિપકભાઈ માલાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ સભામાં




મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ક્રિભકોના જિલ્લા ફીલ્ડ ઓફિસર કેતનભાઈ વેગડાએ ખેડૂતોને આવકારીને જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરોના સતત ઉપયોગથી જમીન પર વિપરીત અસર થઈ રહી છે. તેમણે ક્રિભકો દ્વારા ઉત્પાદિત સેન્દ્રીય અને જૈવિક ખાતરોનો ઉપયોગ કરવા ખેડૂતોને આહવાન કર્યું હતું. અધ્યક્ષ સ્થાનેથી દિપકભાઈ માલાણીએ ક્રિભકોની આ પહેલને આવકારી હતી. તેમણે જણાવ્યું હતું કે, જમીન અને આરોગ્યનું જતન કરવું એ આપણી સૌની જવાબદારી છે. તેમણે ખેડૂતોને રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડીને સેન્દ્રીય અને જૈવિક ખાતરોનો ઉપયોગ વધારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# અમરેલી તાલુકાના ચકચારી પોક્સો કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો કરાવતા ધારાશાસ્ત્રી જે.આર.વાળા

**ફરીયાદી પક્ષ ગુનો સાબિત કરવામાં નિષ્ફળ નિવડ્યા**

અમરેલી, તા.૦૧

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર ૪૦૪૮૨/૨૦૨૪ થી ગુન્હો દાખલ થયો હતો. જેમાં આરોપી તરીકે કલ્પેશભાઈ ઉર્ફે કમલેશ રાજેશભાઈ વિભાણીની અટક કરવામાં આવી હતી. જે કામે ફરિયાદી તથા ભોગ બનનારના માતા પિતા તથા બનાવવાની જગ્યાના પંચો, સાહેદો, ૩ ડોક્ટર્સ, પી એસ ઓ, એફએસએલ અધિકારી, તથા કેસના તપાસ કરનારને તપાસતા અંતે નામદાર સેશન્સ કોર્ટે આરોપીને નિર્દોષ છોડી મૂકવા હુકમ કર્યો હતો. જે કામે બચાવ પક્ષે વિદ્વાન ધારાશાસ્ત્રી જે આર વાળાના પુરાવાઓને ગ્રાહ્ય નામદાર કોર્ટ ગ્રાહ્ય રાખ્યા હતા.

# જિલ્લામાં મોબાઈલ ચોરીની ત્રણ ઘટના

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં મોબાઈલ ચોરીના ત્રણ બનાવ પોલીસ ચોપડે નોંધાયા હતા. એક ડોક્ટર જાફરાબાદથી લુણસાપુર જતા હતા તે સમયે તેમનો ફોન પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. જાફરાબાદ નવી બજારમાં રહેતા અને ડોક્ટર તરીકે ફરજ બજાવતાં નિકુંજભાઈ રમેશભાઈ ભટ્ટ (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ, તેઓ જાફરાબાદથી લુણસાપુર જતા હતા તે સમયે રસ્તામાં મોબાઈલ પડી ગયો હતો. ૧૫,૦૦૦ની કિંમતના ફોનની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ આર સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીમાં રહેતા ભાવેશભાઈ જેન્તીભાઈ સંઘાણી (ઉ.વ.૪૧)એ જાહેર કરયા મુજબ, સાવરકુંડલામાં તેમની ઓફિસ છે. બપોરે ઓફિસેથી તેઓ જમવા માટે ગયા હતા અને મોબાઈલ ફોન ઓફિસમાં રાખ્યો હતો. જમીને પરત આવીને જોયું તો મોબાઈલ ફોન હતો નહીં. આ ફોનની કિંમત ૨૪,૦૯૮ જાહેર થઈ હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશના વિસ્તારના એન એન કીકર વધુ તપાસ કરી રહ્યા છે. મોબાઈલ ચોરીનો ત્રીજો બનાવ અમરેલી શહેરમાં નોંધાયો હતો. મુકેશભાઈ બટુકભાઈ પાઠક (ઉ.વ.૩૭)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો મોબાઈલ ફોન એક્ટિવાની સીટ પર રાખીને સોડા પીતા હતા. જે તે સમયે અજાણ્યો ઈસમ ફોન ચોરીને ફરાર થઈ ગયો હતો અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી વી સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# માતુશ્રી પુરીબેન માવજીભાઈ શંકર વિદ્યાલય લાઠી ખાતે વિજ્ઞાનમેળાનું આયોજન થયું

લાઠી, તા.૦૧

તા. ૨૮-૨ -૨૦૨૫ ના રોજ વિજ્ઞાન દિવસ નિમિત્તે શ્રી પી.એમ. શંકર વિદ્યાલય,લાઠીમાં એક સુંદર વિજ્ઞાન મેળાનું આયોજન થયું હતું. જેમાં ધોરણ પાંચ થી આઠના વિદ્યાર્થીઓએ,



પ્રદૂષણ, પવન ઊર્જા, સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ વગેરેના પ્રયોગો રજુ કર્યા હતા તથા ચાર્ટ સાથે જે તે વિષયની સમજણ વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવી હતી. આ પ્રયોગો નિહાળવા અન્ય શાળાને પણ આમંત્રિત કરવામાં આવી હતી અને આ વિદ્યાર્થીઓ પ્રયોગો નિહાળી રાજી થયા હતા. આ વિજ્ઞાન મેળાને સફળ બનાવવા માટે શાળાના સ્ટાફ મિત્રોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# રાજુલામાં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો

રાજુલા, તા.૦૧

રાજુલામાં વિમળાબેન હરકિશનદાસ મહેતા કન્યા છાત્રાલય ખાતે ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે ગણિત-વિજ્ઞાનનો માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાવનગર જિલ્લાની સ્વામિનારાયણ ગુરુકુળના અનુભવી શિક્ષક ભદ્રેશભાઈ એચ.મકવાણા દ્વારા દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવેલ. વિષયના ભયને દૂર કરવા અનેક પદ્ધતિથી સમજાવવામાં આવેલ. વધુ માર્ક્સ મેળવવા ઘણા પ્રશ્નોના ઉત્તરો આપેલ. પેપર


તસવીર : ગોપાલ રાઠોડ

સ્ટાઈલની છણાવટ કરી કેટલાય સૂત્રોથી વિષયના ભયને દૂર કરવા હળવી શૈલીમાં ઉદાહરણ પૂરા પાડેલ. ટ્રસ્ટ વતી આચાર્યા ડો.રીટાબેન રાવળ તથા કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ દ્વારા ભેટ સ્મૃતિ વિષય નિષ્ણાતને આપવામાં આવેલ. કાર્યક્રમ સફળ બનાવવા સલોટ આયેશાબેન તથા વાઘેલા મિતલબેને જહેમત ઉઠાવી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૫૦ | ૧૪૮૪ |
| ઘઉં લોકવન | ૫૧૭ | ૫૫૪ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૯૪ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૯૭૦ |
| જુવાર લાલ | ૧૦૦૦ | ૧૧૫૦ |
| બાજરી | ૪૦૦ | ૪૬૮ |
| તુવેર | ૧૩૨૧ | ૧૪૮૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૫૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૫૧૦ |
| મગ | ૧૩૧૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૨૦૫ |
| ચોળી | ૧૧૪૫ | ૨૦૯૦ |
| વટાણા | ૧૨૫૦ | ૧૬૧૫ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૨૫ |
| મગફળી જીણી | ૯૬૦ | ૧૨૦૦ |
| તલી | ૧૮૦૦ | ૨૪૦૦ |
| એરંડા | ૧૨૦૫ | ૧૨૩૩ |
| સોયાબીન | ૭૪૧ | ૭૮૯ |
| સીંગફાડા | ૧૦૭૦ | ૧૩૩૦ |
| કાળા તલ | ૩૭૦૦ | ૫૩૨૧ |
| લસણ | ૮૫૦ | ૧૫૨૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૯૪૦ |
| મરચા સુકા | ૯૫૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૧૮૦ | ૨૪૧૧ |
| વરીયાળી | ૧૩૫૦ | ૧૫૧૫ |
| જીરૂ | ૩૫૭૫ | ૪૨૫૦ |
| રાય | ૧૦૦૫ | ૧૩૦૦ |
| મેથી | ૯૫૦ | ૧૩૭૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૬૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૭૦૦ | ૧૭૦૦ |
| તરબુચ | ૨૨૦ | ૪૩૦ |
| બટેટા | ૧૨૦ | ૨૬૦ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૫૦૦ |
| ટમેટા | ૪૦ | ૧૦૦ |
| સુરણ | ૯૫૦ | ૧૨૩૦ |
| કોથમરી | ૧૧૦ | ૨૨૦ |
| સકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૩૨૦ | ૬૩૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૧૨૦ | ૨૩૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |
| ટીંડોળા | ૮૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૧૧૦ | ૨૨૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૩૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૩૫૦ | ૭૫૦ |
| પરવર | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૩૫૦ | ૬૫૦ |
| ગાજર | ૨૫૦ | ૪૩૦ |
| વટાણા | ૫૦૦ | ૭૦૦ |
| તુવેરસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૫૦ | ૬૨૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૧૦૦ | ૩૦૦ |
| વાલ | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| મરચા લીલા | ૩૫૦ | ૫૨૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૨૨૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૬૪ |
| ગિરનારી શીંગ | ૧૦૭૨ | ૧૧૪૧ |
| શિંગ મોટી | ૮૫૫ | ૧૦૭૫ |
| શિંગ ફાડા | ૧૧૫૦ | ૧૨૫૭ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૨૪૧ |
| તલ કાળા | ૩૨૮૦ | ૪૮૭૦ |
| તલ કશ્મીરી | ૨૩૦૦ | ૨૫૨૫ |
| જુવાર | ૮૧૯ | ૮૭૧ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૭૬ |
| ઘઉં લોકવન | ૫૦૬ | ૬૫૦ |
| ચણા | ૮૬૨ | ૧૦૬૭ |
| સફેદ ચણા | ૧૧૧૨ | ૧૨૬૨ |
| તુવેર | ૯૨૦ | ૧૪૨૫ |
| કપાસ | ૯૦૦ | ૧૪૫૭ |
| એરંડા | ૧૧૩૨ | ૧૨૧૭ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૦૪૦ |
| ધાણા | ૯૨૦ | ૧૮૪૦ |
| ધાણી | ૧૦૩૦ | ૨૫૮૦ |
| અજમા | ૧૧૯૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૪૬ |
| મરચા લાંબા | ૩૫૦ | ૨૪૯૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૩૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૧૦ | ૪૧૦ |
| ફુલાવર | ૧૦૦ | ૧૨૦ |
| કોબીજ | ૯૦ | ૧૧૦ |
| શકકરીયા | ૪૫૦ | ૫૦૦ |
| ટામેટા | ૧૦૦ | ૧૨૦ |
| સુરણ | ૧૨૨૦ | ૧૩૨૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૩૧૦ | ૪૧૦ |
| કારેલા | ૬૦૦ | ૯૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૧૦ | ૨૫૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૮૪૦ | ૧૬૪૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૫૧૦ | ૬૧૦ |
| ચોળા લીલાં | ૬૫૦ | ૮૫૦ |
| તુરીયા | ૬૧૦ | ૮૧૦ |
| શકકરટેટી | ૨૧૦ | ૪૧૦ |
| તુવેર | ૪૫૦ | ૫૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| આમળા | ૮૧૦ | ૧૦૧૦ |
| આદુ | ૮૧૦ | ૧૦૧૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૨૫૦ | ૩૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૫૦ |
| વાલ | ૫૧૦ | ૬૧૦ |
| સરગવો | ૪૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૩૧૦ | ૫૧૦ |
| મરચા લાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૧૬૦ | ૪૫૦ |
| લસણ લીલુ | ૭૦૦ | ૮૦૦ |
| લસણ સુકુ નવુ | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૧૬૦ | ૨૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૧૫૧ | ૧૪૭૧ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૭૦ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૧૧૬ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૩૦૧ |
| એરંડા / એરંડી | ૯૦૦ | ૧૨૬૬ |
| તલ કાળા | ૨૦૯૧ | ૪૧૫૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૨૫૧ |
| વરીયાળી | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ધાણા | ૮૦૦ | ૧૪૩૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૩૭૧ |
| ડુંગળી લાલ | ૧૭૧ | ૫૧૬ |
| અડદ | ૯૮૧ | ૧૬૨૧ |
| મઠ | ૬૫૧ | ૬૫૧ |
| તુવેર | ૯૦૧ | ૧૫૨૧ |
| રાયડો | ૭૦૧ | ૧૦૧૧ |
| રાય | ૧૧૩૧ | ૧૧૩૧ |
| મેથી | ૫૬૧ | ૧૧૩૧ |
| સુવાદાણા | ૧૦૧૧ | ૧૦૧૧ |
| કાંગ | ૪૯૧ | ૮૧૧ |
| મરચા | ૫૦૧ | ૩૧૦૧ |
| મગફળી જાડી | ૬૨૧ | ૧૧૧૧ |
| નવા ધાણા | ૮૫૧ | ૨૨૫૧ |
| નવી ધાણી | ૯૫૧ | ૨૮૦૧ |
| નવું લસણ | ૫૪૧ | ૧૩૫૧ |
| સફેદ ચણા | ૧૦૬૬ | ૧૯૨૧ |
| તલ - તલી | ૧૦૦૧ | ૨૩૩૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૪૨૧ |
| ડુંગળી સફેદ | ૧૮૬ | ૨૬૦ |
| જુવાર | ૮૩૧ | ૯૪૧ |
| મકાઇ | ૫૩૧ | ૫૩૧ |
| મગ | ૮૬૧ | ૧૭૮૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૬૧ |
| વાલ | ૪૦૧ | ૧૧૧૧ |
| સોયાબીન | ૬૦૧ | ૭૭૧ |
| અજમાં | ૧૮૫૧ | ૧૮૫૧ |
| ગોગળી | ૫૭૧ | ૯૭૧ |
| વટાણા | ૬૪૧ | ૧૩૧૧ |

**ગોંડલ(શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦ | ૧૬૦ |
| મરચા | ૨૨૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૩૦ | ૧૦૦ |
| દુધી | ૬૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૧૨૦ | ૨૨૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૫૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૨૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૫૦ |
| ટિંડોરા | ૪૨૦ | ૬૦૦ |
| તુવેર | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૫૦૦ | ૯૦૦ |
| વટાણા | ૩૦૦ | ૭૦૦ |
| કેરી કાચી | ૧૪૦૦ | ૨૪૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| કોથમીર પુરા | ૧૦ | ૧૫ |
| મૂળા પુરા | ૪ | ૬ |
| ફ્રોદીનો પુરા | ૨ | ૬ |
| કાચા કેળા | ૩૦૦ | ૫૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૬૦૦ |
| ચ્રૂણ | ૮૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૪૦૦ |
| મેથી પુરા | ૪ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૨૮ |
| ચોરા | ૨૨૦ | ૮૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૪૦ | ૫૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૫૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૨ | ૪ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૨૫ | ૧૪૮૫ |
| કપાસ મીડીયમ | ૧૧૬૫ | ૧૩૬૫ |
| મગફળી ૨૦ | ૧૦૪૮ | ૧૦૮૨ |
| મગફળી બી.ટી. | ૯૮૦ | ૧૦૧૦ |
| ચણા | ૧૦૩૮ | ૧૦૭૨ |
| જીરૂ | ૩૩૪૦ | ૪૦૯૦ |
| ઘઉં | ૫૬૦ | ૬૦૦ |
| તુવેર | ૧૨૭૦ | ૧૪૦૦ |
| ધાણા | ૧૧૪૫ | ૧૭૯૫ |
| તલ સફેદ | ૧૮૪૫ | ૨૦૨૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૩ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૫ |
| ચણા | ૫૧૦ | ૧૦૨૬ |
| સોયાબીન | ૬૦૧ | ૬૫૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| અડદ | ૧૦૪૦ | ૧૦૪૦ |
| તુવેર | ૭૩૦ | ૧૩૭૨ |
| જુવાર | ૬૩૫ | ૬૩૫ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મગફળી | ૮૫૦ | ૯૬૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૦૫ | ૧૩૭૫ |
| ઘઉં | ૫૦૬ | ૫૦૬ |
| ચણા | ૧૦૦૫ | ૧૦૨૧ |
| તુવેર | ૧૨૦૬ | ૧૩૭૧ |
| રાયડો | ૮૫૫ | ૯૦૭ |
| અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| મગફળી | ૧૦૦૧ | ૧૦૦૧ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૧૧ | ૧૪૪૧ |
| ચણા | ૧૦૨૧ | ૧૦૩૭ |
| ધાણા | ૧૩૫૧ | ૧૩૫૧ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૧૨૩ | ૧૧૨૩ |
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૫૭ |
| શીંગ જી.૨૦ | ૧૦૪૦ | ૧૧૧૫ |
| જુવાર | ૫૦૦ | ૯૦૩ |
| બાજરી | ૪૧૧ | ૬૪૬ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૨૨ |
| મગ | ૧૨૦૦ | ૧૭૯૯ |
| સોયાબીન | ૭૪૮ | ૭૭૩ |
| ચણાનં.૩ | ૯૭૦ | ૧૦૭૧ |
| ચણા શોલે | ૧૦૯૧ | ૧૦૯૧ |
| તલ સફેદ | ૨૨૪૫ | ૨૫૨૪ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૧૮ |
| ડુંગળી લાલ દે | ૧૫૦ | ૪૩૭ |
| ડુંગળી સફેદ ડી | ૨૦૦ | ૨૬૯ |
| ડુંગળી સફેદ એ | ૨૬૦ | ૪૬૮ |
| કપાસ શંકર | ૧૨૭૪ | ૧૩૮૦ |
| નાળીયેર | ૭૧૦ | ૨૭૨૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૯૫૦ | ૧૦૧૦ |
| તલ સફેદ | ૧૪૦૧ | ૨૦૦૦ |
| તલ પીળા | ૨૩૫૧ | ૨૩૫૧ |
| કપાસ | ૧૧૭૬ | ૧૪૭૦ |
| બાજરો | ૪૫૫ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૦ |
| જુવાર | ૫૭૫ | ૮૮૨ |
| મકાઇ | ૪૨૧ | ૪૨૧ |
| અડદ | ૧૨૩૧ | ૧૨૩૧ |
| તુવેર | ૭૦૧ | ૧૪૧૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૮ |
| જીરૂ | ૩૪૫૧ | ૩૫૦૧ |
| ધાણા | ૧૪૭૧ | ૧૪૭૧ |
| મેથી | ૮૫૧ | ૮૯૧ |
| સોયાબીન | ૭૨૧ | ૭૨૬ |
| રાય | ૯૦૧ | ૧૦૫૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૬૨ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૮૦ |
| તલ સફેદ | ૧૮૮૦ | ૨૦૨૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૫૧૧ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૬૮ |
| ઘઉ લોકવન | ૫૧૩ | ૫૮૦ |
| ઘઉ ટુકડા | ૪૫૦ | ૬૦૦ |
| બાજરો | ૪૪૨ | ૬૪૭ |
| જુવાર | ૪૫૦ | ---- |
| મકાઇ | ૫૯૧ | --- |
| અડદ | ૧૩૦૦ | ૧૩૭૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૨૧ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૫૧ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૨૧ |
| એરડી | ------ | ૧૨૧૦ |
| ધાણા | ૧૩૫૦ | ૨૨૦૧ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જીર૦ | ૧૦૦૦ | ૧૦૮૬ |
| મગફળી ૩૨નં | ૯૫૦ | ૧૦૩૮ |
| બાજરી હાઈબ્રીડ | ૪૮૦ | ૬૧૦ |
| ઘઉં | ૪૪૦ | ૫૫૬ |
| રાઇ | ૧૦૦૦ | ૧૦૪૮ |
| રાયડો | ૮૫૦ | ૯૮૨ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૩૨ |
| જુવાર | ૫૦૦ | ૧૦૭૨ |
| ચણા | ૯૦૦ | ૧૦૪૮ |
| સોયાબીન | ૬૯૦ | ૭૭૪ |
| કપાસ | ૧૧૮૦ | ૧૪૩૦ |
| કાંગ | ૪૬૦ | ૫૬૧ |
| જા. તલ | ૧૮૫૦ | ૨૨૭૦ |
| એરડી | ૧૦૫૦ | ૧૧૮૬ |
| મેથી | ૮૦૦ | ૧૧૫૫ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૪૮૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૮ |
| ચણા | ૭૦૧ | ૧૦૬૧ |
| તુવેર | ૭૦૦ | ૧૩૭૧ |
| મગફળી | ૭૦૧ | ૧૦૫૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૭૭૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૬૩૧ |
| સોયાબીન | ૬૦૦ | ૭૨૧ |

**મોટા લીલીયા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૭૬ | ૧૪૭૦ |
| કપાસ સી ગ્રેડ | ૫૯૫ | ૮૩૦ |

# સજ્જનકુમારને સજા : યે ન્યાય ભી કોઈ ન્યાય હૈ?

વિચાર વલોણું
જયવંત પંડ્યા





૧૯૮૪ની શીખ વિરોધી હિંસાના એક કેસમાં કૉંગ્રેસી નેતા સજ્જનકુમારને શીખ પિતા-પુત્રને જીવતા સળગાવી દેનાર ટોળાનું નેતૃત્વ કરવા માટે આજીવન કારાવાસની સજા થઈ. આ કેસમાં કૉંગ્રેસે અને ન્યાય તંત્રએ કેવી ભૂમિકા નિભાવી છે તે જોવા જેવું છે. આ કેસમાં એફઆઈઆર ક્યારે નોંધાઈ? છેક નરસિંહરાવ એટલે કે ગાંધી પરિવારની બહારની વ્યક્તિ વડાપ્રધાન બની ત્યારે, ૧૯૯૧માં ! અને એ પણ એવી વ્યક્તિ જેનું નામ લેવાનું ગાંધી પરિવાર આજે પણ પસંદ નથી કરતો. આર્થિક સુધારા નરસિંહરાવના સમયમાં થયા હતા, વડાપ્રધાન નરસિંહરાવ હતા. ગાંધી પરિવાર અને કૉંગ્રેસીઓ તે સમયના આર્થિક સુધારા માટે સ્વ. ડૉ. મનમોહનસિંહને તો શ્રેય આપે છે પણ જેમના પીઠબળ વગર તે શક્ય ન બન્યું હોત તેવા નરસિંહરાવને નહીં.

એટલે સાત વર્ષે એફઆઈઆર નોંધાઈ. તે પછી ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાવ કાબરબહેન આવું છું, તેમ કરતાં-કરતાં સમય વિતી ગયો.

૧૯૯૪માં ન્યાયાલયને જણાયું કે પૂરતા પુરાવા નથી. આરોપપત્ર જ રજૂ નહોતો કરાયો. તે પછી દેવેગોવડા અને ગુજરાલ સરકાર આવી, તે તો કૉંગ્રેસના ટેકાથી જ ચાલતી હતી, ૨૦૦૪થી ૧૪ દરમિયાન યુપીએ સરકારમાં તો કંઈ ન થાય તે સમજાય, પણ અટલ સરકારમાંય કંઈ નોંધપાત્ર ન થયું.

કૉંગ્રેસે તો ઉલટો તેને શિરપાવ આપ્યો હતો, ૧૯૯૧ અને ૨૦૦૪માં દિલ્લીમાંથી જ લોકસભાની ટિકિટ આપીને અને જિતાડીને. જનતા પણ કેવી ! તેમને જીતાડી દીધા. ૨૦૦૫માં શહેરી વિકાસ સમિતિના સભ્ય પણ કૉંગ્રેસે બનાવ્યા. આ કૉંગ્રેસને પંજાબમાં પણ જનતા ચૂંટતી રહી.

૨૦૧૫માં નરેન્દ્ર મોદી સરકારે વિશેષ તપાસ ટુકડી (એસ.આઈ.ટી.) બનાવી. ૨૦૧૬માં આ ટુકડીએ વળી પાછો સમય માગ્યો. ૨૦૨૧માં સજ્જનકુમારની ધરપકડ થઈ. એટલે કે ત્યાં સુધીમાં બીજાં પાંચ વર્ષ નીકળી ગયાં. તે વર્ષે પોલીસે આરોપપત્ર દાખલ કર્યો અને તેનો ચુકાદો આવતાં બીજાં ચાર વર્ષ નીકળી ગયાં. સજ્જનકુમારનું ભાગ્ય જોર કરતું હશે તો આ ચુકાદો તો નીચલા ન્યાયાલયે આપ્યો છે. ઉચ્ચ ન્યાયાલય અને સર્વોચ્ચ ન્યાયાલય સુધી તેમની પાસે દ્વાર ખટખટાવવાના રસ્તા છે.

સજ્જનકુમારને ફાંસીની સજા કેમ ન આપી તેનું કારણ જણાવતા મિ. લૉર્ડ ઉવાચઃ તેમની વય તો જુઓ. તેમનું સ્વાસ્થ્ય તો જુઓ. વળી, જેલમાં બિચારાએ સારો વ્યવહાર કર્યો છે ! જો છ વર્ષની બાળકી પર સામૂહિક બળાત્કાર અને પછી હત્યા કરનાર શૈખ આસીફ અલીને છોડી મૂકે અને યુવાન શૈખ અકીલ અલી દિવસમાં પાંચ વાર નમાજ કરે એટલે તેને ફાંસીની સજા આજીવન કેદમાં પરિવર્તિત કરી દેતા હોય તો સજ્જનકુમાર તો બિચારા સજ્જન છે !

સર્વોચ્ચ માનનીયોને અપરાધીઓ પ્રત્યે આટલી દયા કેમ આવી જાય છે ? એક તરફ, ફરિયાદી બિચારા, ચપ્પલ ઘસતા રહે, તેમને ન્યાય મેળવતા વર્ષોનાં વર્ષો લાગી જાય, સન્ની દેઓલના સંવાદની ભાષામાં કહીએ તો, તેમને તારીખ પર તારીખ મળતી રહે અને ફરિયાદ કરવાની જાણે કે સજા મળતી રહે અને બીજી તરફ, બળાત્કાર, નૃશંસ હત્યા વગેરેના દોષિતોની ન્યાયાલય દયા ખાય.

ડી.વાય. ચંદ્રચૂડ મુખ્ય ન્યાયમૂર્તિ હતા ત્યારે તેમણે કહેલું કે જામીન સિદ્ધાંત છે અને જેલ અપવાદ છે. બોલો ! તેમનું કહેવું હતું કે વ્યક્તિ ન્યાયની પ્રતીક્ષા કરતાં-કરતાં મરી જાય તે ઠીક નથી. પરંતુ તેમણે જામીન સિદ્ધાંત છે તેવી જે વાત કહી તે જોતાં, તેમની દૃષ્ટિએ તો, કયા વ્યક્તિની તેઓ વાત કરતા હતા કે ન્યાયની પ્રતીક્ષા કરતાં-કરતાં મરી જાય તે ઠીક નથી? અપરાધીની ? કેમ કે, ઉપરોક્ત કેસોમાં તો શીખો કે બળાત્કાર પીડિતાને જ ન્યાય મેળવવા માટે ઝૂરવું પડે છે. અપરાધીને તો તરત જ જામીન મળી જાય છે.

અપરાધીને જામીન કે ધરપકડમાં રાહતના કિસ્સા જુઓઃ ૧. પૂણેમાં હિટ ઍન્ડ રન કેસમાં ૧૭ વર્ષના આરોપીને તે જ દિવસે જામીન મળી ગયા. એ તો લોકોનો આક્રોશ જાગ્યો તે પછી ઉચ્ચ ન્યાયાલયે જામીન નિરસ્ત કર્યા. ૨. ગોધરા કાંડમાં સાબરમતી ઍક્સ્પ્રેસમાં નિર્દોષ કારસેવકો, મહિલાઓ અને બાળકોને જીવતાં સળગાવી દેવાના ષડયંત્રપૂર્વકના અપરાધ પછી ફાટી નીકળેલાં રમખાણોમાં ખોટા કેસો ઊભા કરી હિન્દુઓને ૨૦૦૪માં આવેલી યુપીએ સરકારની કઠપૂતળી સીબીઆઈના જોરે ફસાવવાનું અને મુસ્લિમ પીડિતોને સહાયના નામે ફાળો ઉઘરાવી પોતે જલસા કરતા હોવાના આરોપિત તીસ્તા શેતલવાડની ધરપકડ થાય તેમ હતી. ગુજરાત ઉચ્ચ ન્યાયાલયે વૉરન્ટ કાઢેલું. આ વાત ૨૦૧૫ની છે. કપિલ સિબલ સર્વોચ્ચમાં તરત જ ગયા અને સર્વોચ્ચના માનનીય ન્યાયાધીશોએ ધરપકડ પર સ્થગન આદેશ આપી દીધો.

આવું ૨૦૨૩માં પણ થયું. ગુજરાત ઉચ્ચ ન્યાયાલયે તીસ્તાની નિયમિત જામીન યાચિકા નિરસ્ત કરી દીધી. તરત જ ફોન ધણધણ્યા. શનિવારની સાંજ હતી. માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચૂડજી એક ભરતનાટ્યમ નૃત્ય જોતા હતા. તેમાં ફોન આવ્યો. એટલે વચ્ચેથી નીકળી અનેક વાર ફોન રિસીવ કર્યો. વાત કરી. શનિ-રવિ કોર્ટમાં રજા હોય છે. (એટલે જ ઘણી વાર આરોપિતને જામીન મળે તેમ હોય તો પોલીસ શુક્રવારે સાંજે કે રાત્રે તેની ધરપકડ કરે જેથી તે કોર્ટમાંથી જામીન ન મેળવી શકે કારણકે પોલીસને પણ કાયદાની આંટીઘૂંટી તો ખબર હોય ને. પરંતુ જ્યારે સૈયા ભયે કોતવાલ એટલે ચંદ્રચૂડજી જેવા મુખ્ય ન્યાયમૂર્તિ હોય તો શનિ-રવિની રજામાં પણ આરોપિત કે દોષિતને વાંધો ન આવે. હા, તેમનો કેસ કપિલ સિબલ કે અભિષેક મનુ સિંઘવી જેવા કૉંગ્રેસી સેક્યુલર નેતા રજૂ કરતા હોવા જોઈએ.) પરંતુ ચંદ્રચૂડે આદેશ કર્યો એટલે બે ન્યાયાધીશની પીઠ (બૅન્ચ) બેઠી અને તીશ્તાને ધરપકડથી રાહત તો મળી જ ગઈ, પણ સાથે ન્યાયાલયે એવી ટીપ્પણી પણ કરી કે જો તીશ્તા વચગાળાના જામીન પર બહાર રહેશે તો કંઈ આભ નહીં તૂટી પડે !

૩. દિલ્લીના જામીયા નગરમાં પોલીસ પર આક્રમણ કરવાના કેસમાં આ આપ નેતા અમાનુલ્લાહ ખાનની ધરપકડ થાય તેમ હતી પરંતુ ૨૫ ફેબ્રુઆરીએ દિલ્લી ન્યાયાલયે તેની એક દિવસ માટે ધરપકડ ન કરવા પોલીસને આદેશ આપ્યો. એટલું જ નહીં, આગોતરા જામીન પણ આપી દીધા.

૪. અત્યંત ગંદી ટીપ્પણી કરનાર સમય રૈના અને રણવીર અલાહબાદિયા સામે આક્રોશના સમાચાર ૧૦ ફેબ્રુઆરીએ આવ્યા. તેની સામે એફઆઈઆર નોંધવામાં બે દિવસ નીકળી ગયા. ૧૩મીએ સમય રૈનાના વકીલે પોલીસને જણાવ્યું કે સમય રૈના તો વિદેશમાં- અમેરિકામાં છે. આપણે ત્યાં દાઉદ ઈબ્રાહિમથી માંડીને લલિત મોદી, વિજય માલ્યા, નીરવ મોદી, નદીમ સૈફી (નદીમ- શ્રવણ પૈકીનો) વગેરે અપરાધીઓને છટકવા દેવામાં વિદેશ વિભાગો ભારે ઉદાર હોય છે, સરકાર કોઈ પણ હોય. અને વિદેશમાં ભાગી જાય પછી, અબુ સાલેમને બાદ કરતાં એક પણ ગુનેગારને અત્યાર સુધીમાં પાછો લાવી શકાયો છે ખરો? અબુ સાલેમને લવાયો તે પણ પૉર્ટુગલની શરતે કે તેને ફાંસીની સજા નહીં આપી શકાય !

સમય રૈનાના વકીલે એમ પણ કહ્યું કે તેનાં અગાઉથી નક્કી કાર્યક્રમો હોવાથી ૧૭ માર્ચ પહેલાં તે ભારત નહીં આવી શકે ! આવી છૂટ બીજા કોઈ સામાન્ય આરોપિતને મળે? જોકે અમેરિકા જેવા મહાસત્તા દેશમાં તો આમેય ગુરપતવંતસિંહ પન્નુ જેવા વધુ ખૂંખાર ખાલિસ્તાની સમર્થક હોય તો પણ તેને ભારત પાછો લાવી શકાતો નથી. ૨૬ નવેમ્બર ૨૦૦૮ના મુંબઈ આક્રમણના આરોપિત ડેવિડ હેડલીને પણ નથી લવાયો. ડૉનાલ્ડ ટ્રમ્પ આવ્યા પછી તહવ્વુર રાણાના પ્રત્યાર્પણને વળી ત્યાંના ન્યાયાલયે અનુમતી આપી છે.

તો રણવીર અલાહાબાદિયા ૧૩-૧૪ ફેબ્રુઆરીએ પોલીસ સમક્ષ ઉપસ્થિત થવાનું હતું પરંતુ થયો નહીં. વટ જુઓ. ૧૮મીએ મુંબઈ પોલીસ, (રિપીટ મુંબઈ પોલીસ, જેને સ્કૉટલેન્ડની પોલીસ સાથે સરખાવાય છે, પછી ભલે ને દાઉદ ઈબ્રાહિમ, યાકૂબ મેમણ ભાગી ગયા હોય) કહે છે કે રણવીર અલાહાબાદિયાનો સંપર્ક થઈ શકતો નથી. અમે શું કરીએ ?

પરંતુ રણવીર અલાહાબાદિયાની યાચિકા પર સર્વોચ્ચ ન્યાયાલયને દયા આવી જાય છે અને તેની ધરપકડ પર વચગાળાની મનાઈ આપી દે છે. બાળકે બહુ તોફાન કર્યું હોય અને મા ફરિયાદ કરતી હોય તો પિતા ઘણી વાર ખોટું-ખોટું વઢતા હોય છે, તેમ સર્વોચ્ચે ધરપકડની રાહત આપ્યા પછી ટીપ્પણી કરી લીધી કે રણવીર, તેં માબાપની ગંદી અશ્લીલ ટીપ્પણી કરી તે યોગ્ય છે ? હવે આવું ન કરતો અને હમણાં તારા શૉ બંધ ! જાણે બહુ મોટી સજા કરી દીધી !

ધરપકડ ટળી ગઈ એટલે પોલીસ પર દયા આવી હોય તેમ રણવીર અલાહાબાદિયા ૨૪ ફેબ્રુઆરીએ મુંબઈ પોલીસ સમક્ષ ઉપસ્થિત થાય છે અને પોતાનું નિવેદન નોંધાવે છે.

આપણા દેશમાં ન્યાયની આ પરિસ્થિતિ છે. અહીં જો મીડિયા ટ્રાયલ ન હોય કે લોકોનો આક્રોશ ન હોય તેવા કેસમાં તો ન્યાય મળતાં-મળતાં વર્ષો વિતી જાય છે. ઘણી વાર સેક્યુલર મીડિયા ટ્રાયલ હોય તો બિલ્કિસબાનુ કેસની જેમ ખોટા આરોપિતને પણ સજા ભોગવવી પડે અને સજા ભોગવ્યા પછી પણ ન છૂટી શકે. આરુષિ તલવાર કેસમાં શું થયું ?

તાજેતરમાં એક વેબ શ્રેણી આવી છે- મામલા લિગલ હૈ. રવિ કિશન, યશપાલ શર્મા, તન્વી આઝમી અભિનિત આ શ્રેણીમાં સામે વકીલ કોણ છે તેના પર ન્યાય તોળાય છે; જેમ કે કૉર્પોરેટ કંપની તરફથી ઉચ્ચ ન્યાયલયમાં સામાન્ય રીતે કેસ લડતા પ્રતિષ્ઠિત વકીલ કે.એમ. જેટલી (વિવેક મુશ્રન) જ્યારે પટપડગંજના ન્યાયાલયમાં ઉપસ્થિત થાય છે ત્યારે ન્યાયાધીશ પોતે પ્રભાવિત હોય છે. નવા વકીલને બેસવા માટે કોઈ જગ્યા નથી આપતું તો તેને પાર્કિંગમાં બેસવું પડે છે. કેવી-કેવી બોદી દલીલ પર આરોપિત દોષિત હોવા છતાં બચી જાય છે ! દા. ત. ફરિયાદી-પીડિતની ફરિયાદ હોય છે કે પાંચ આરોપિતે તેને માર્યો અને તેની પાસેથી માલસામાન ચોરી કરી લીધી. તો પટપડજગંજ બાર કાઉન્સિલ પ્રમુખ ત્યાગી (રવિ કિશન) મોડો આવે છે અને દલીલ કરે છે કે આ કેસ ચોરીનો નહીં, લૂટનો છે. એટલે આ આરોપપત્ર જ ખોટો છે અને તેના પાંચ ગ્રાહક દોષિત હોવા છતાં બચી જાય છે.

એક કેસમાં પોપટ ઘરની વડીલ સ્ત્રીને ગાળો આપતો હોય છે અને તે પોપટને આરોપિત બનાવીને લાવવામાં આવે છે, પરંતુ તેમાં વકીલ દલીલ કરે છે કે સ્ત્રીનો ભત્રીજો પોતાની કાકીને તેમની પીઠ પાછળ ગાળો કહે છે અને તે સાંભળવાથી પોપટ ગાળો બોલતા શીખી ગયો છે. એટલે આમાં પોપટનો કોઈ વાંક નથી. અને ભત્રીજો પણ અપરાધી નથી કારણકે તે કાકીને મોઢામોઢ ગાળો નથી કહેતો, પણ પીઠ પાછળ ગાળો કહે છે. અને પીઠ પાછળ ગાળો બોલવી એ અપરાધ નથી.

ટૂંકમાં, કાયદાની પોથીમાં જે લખ્યું છે તેનું અર્થઘટન કેવું કરાય છે તેના આધારે 'સ્માર્ટ' વકીલ દલીલ કરે અથવા વકીલ કૉંગ્રેસનો પ્રભાવશાળી નેતા હોય જે પહેલાં પ્રધાન પણ રહી ચૂક્યો હોય અથવા અપરાધી ચોક્કસ સમુદાયનો હોય અથવા રણવીર અલાહાબાદિયાની જેમ ભાજપના ઉચ્ચ નેતાના ઈન્ટરવ્યૂ કર્યા હોય તો ગમે તેવા અપરાધીને પણ રાહત મળી જાય છે.

જ્યાં સુધી અપરાધીને કઠોર દંડના કિસ્સા નહીં બેસે ત્યાં સુધી અપરાધ અટકવાના નથી. અપરાધીઓમાં કોઈ ડર જ નથી. પૈસા આપતા પકડાઈશું તો પૈસા આપીને છૂટી જઈશું તેવું માનીને અપરાધીઓ ચાલે છે. ■

jaywant.pandya@gmail.com

# કોના પછી કોણ ? – અહિ કાફલાનો છેલ્લો આદમી સ્પર્ધામાં છે..

રાજકીય રસધાર
પ્રવીણ માધાણી


**- ક્વિક નોટ -**

**વરિષ્ઠ પત્રકાર કિંશુક નાગે પોતાના પુસ્તક 'અટલ બિહારી વાજપેયી - અ મેન ફોર ઓલ સીઝન્સ'માં લખ્યું છે કે એક વખત જ્યારે બ્રિટિશ વડાપ્રધાન ભારતની મુલાકાતે આવ્યા ત્યારે વડાપ્રધાન પંડિત નહેરુએ વાજપેયીનો તેમની સાથે ખાસ પરિચય કરાવ્યો અને કહ્યું, "આમને મળો. તેઓ વિપક્ષના ઉભરતા યુવા નેતા છે. તેઓ હંમેશા ટીકા કરે છે. એમનામાં મને ભવિષ્ય માટે ઘણી બધી શક્યતાઓ દેખાય છે."**

“......દેશમે ધ્રુવીકરણ નહિ હોના ચાહિયે, ના સાંપ્રદાયિક આધાર પર, ના જાતિ આધાર પર, ના રાજનીતિ ઐસે દો ખેમોમેં બટની ચાહિયે, કિ જિનમેં સંવાદ ના હો, જિનમેં ચર્ચા ના હો. દેશ આજ સંકટો સે ઘિરા હૈ. ઔર યે સંકટ હમને પૈદા નહિ કિયે હૈ. જબ જબ કભી આવશ્યકતા પડી, સંકટો કે નિરાકરણમેં હમને ઉસ સમયકી સરકારકી હમને મદદ કી હૈ. ઉસ સમય કે પ્રધાનમંત્રી નરસિમ્હારાવજીને ભારતકા પક્ષ રખને કે લીયે, મુજે વિરોધી દલ કે નેતાકે રૂપમે જીનીવા ભેજા થા. ઔર પાકિસ્તાન ઉસે દેખકર ચમત્કૃત રહ ગયે, યે કહાસે આયે હૈ ? કયો કિ ઉનકે યહાં વિરોધી દલકા નેતા ઐસે રાષ્ટ્રીય કાર્યોમેં ભી સહયોગ દેને કે લિયે તૈયાર નહિ હોતા. વો હર જગહ અપની સરકારકો ગિરાને કે કામમે લગા રહેતા હૈ. યહ હમારી પરંપરા નહિ હૈ, યહ હમારી પ્રકૃતિ નહિ હૈ. ઔર મેં ચાહતા હું યહ પરંપરા બની રહે. યહ પ્રકૃતિ બની રહે.... સત્તાકા ખેલ તો ચલતા રહેગા, સરકારે આયેંગી જાયેંગી, પાર્ટીયા બનેંગી બિગડેગી. મગર યે દેશ રહેના ચાહિયે, ઈસ દેશકા લોકતંત્ર અમર રહેના ચાહિયે.....''આ શબ્દો છે રાજનીતિના અજાતશત્રુ અને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીજીના. પોતાની સરકારના પતન વખતે સદનમાં બોલાયેલા ભારતની લોકશાહીના અમર થઈ ગયેલા શબ્દો છે. રાજનીતિમાં અજાતશત્રુ વિશેષણ કે ઉપલબ્ધી હાંસલ કરવી દુર્લભ છે. જ્યાં પ્રતિશોધ, પ્રતિઘાત, ટક્કર, દલીલ, વિરોધ જેવા શબ્દો ઉછળતા રહે છે, એ દુનિયામાં આ ઉપાધિ મોટું માન અકરામ છે. એમના બાદ એમની જગ્યા નહિ ભરાય એવી ટીસ સામાન્ય માણસના માનસમાં ઉઠી જાય છે. એમની ગેરહાજરીના ખ્યાલમાં અમીરે કારવાંથી લઈને કાફલાના છેલ્લા આદમી સુધી સરસરી નજર નાખીને માણસ વિકલ્પ શોધવા લાગે છે.

ઉચ્ચ સ્થાને પહોચેલો રાજપુરુષ ઉમદા મુલ્યો, આદર્શ પરંપરા અને નીતિના ધોરણો સ્થાપિત કરે એ રાજનીતિનું હાર્દ છે. પક્ષ માટે અને દેશ માટે, આ મુલ્યો, આદર્શો અને નીતિઓનું વહન કરીને પરંપરા આગળ વધારી જાય એવી વારસદારોની કતારનું સર્જન તેના દ્વારા થાય એ જરૂરી છે. પોતાની જાતને પોતાનામાં જ સંકોરી કે સંકેલીને રાજનીતિમાંથી ભાગી જઈ શકાતું નથી. દીપદીક્ષાના સિધ્ધાંત અનુસાર નવી, દૂરદર્શી જ્યોત પ્રગટતી રહે એ જરૂરી છે. શીર્ષસ્થ નેતૃત્વ દ્વારા પોતાની હયાતીમાં સત્તાનું અમર્યાદ કેન્દ્રીકરણ અને વારસદારનો શૂન્યાવકાશ પક્ષ માટે ઘાતક છે. પરિવારવાદ આધારિત રાજકારણમાં આવું બનતું હોય છે. જ્યાં એકના જવાથી બીજો કોણ આવવાનો છે એ સ્પષ્ટ હોય છે. એ જન્મ આધારિત છે. જેમાં એકના ગયા બાદ પક્ષની ગતિ અને મતિ બીજા આવનારની ક્ષમતા આધારે નક્કી થાય છે. હમારે બાદ અંધેરા છાયેગા મહેફિલમે, બહોત ચરાગ જલાઓગે રોશની કે લિયે...ની તરજ પર બધું ચાલે છે. બીજા કિસ્સામાં ક્ષમતા પુરવાર કરીને જગ્યા ઉભી કરવી પડે છે. જાતને સાબિત અને સ્વીકૃત બનાવવી પડે છે. કોના પછી કોણ ? નામના સવાલના જવાબમાં તમારું નામ આવે એ સ્થાન સુધી પહોચવું પડે છે. ક્ષમતા અને લાયકાત પસંદગીની પ્રક્રિયામાં સફળ થવા માટેનું શ્રેષ્ઠ પરિમાણ છે. જે આગલાની નીતિઓ, મુલ્યો, તરેહ, આદર્શો ઝીલી શકે, જે પેગડામાં પગ ઘાલવાની તાકાત કેળવી જાય એ પસંદગી પામે છે. નરેન્દ્ર મોદી લાલકૃષ્ણ અડવાણી અને અટલજીના વૈચારિક વારસાના પથ પર બે ત્રણ દાયકાઓ ચાલીને પસંદગી પામ્યા છે. એ સમયે પક્ષ પાસે એમનાથી વધુ જાણીતા ઘણા ચહેરાઓ હતા.

રાજકારણમાં કોઈ સર્વોચ્ચ સ્થાને વર્ષો સુધી સફળતાથી સ્થિર ટકી રહે ત્યારબાદ ધીમે ધીમે એમના પછી કોણ ? ની ચર્ચાઓ શરુ થઈ જાય છે. પક્ષની અંદર પણ અને બહાર પણ. જે વિરોધીઓ નરેન્દ્ર મોદીના કામોની ચર્ચા નથી કરવા માંગતા તેઓએ ધીમે ધીમે આ મુદ્દો ગણગણવો શરુ કરી દીધો છે. કોંગ્રેસ, સમાજવાદી પક્ષ, તૃણમુલ, ડીએમકે જેવા પક્ષો અંગે આ બાબતે આપણે કોઈ ચર્ચા નહિ સાંભળી હોય. કારણ કે ત્યાં પહેલેથી નક્કી છે. આમ જનતાથી લઈને સામાન્ય નાગરિક સુધ્ધાં જાણે છે કે કોના પછી કોણ છે. ત્યાં કોઈ સ્થાપિત યોગ્યતા કે શિખરોને સર કરવાની સ્પર્ધા નથી. એવી સ્પર્ધા છે કે જેમાં ચેસની બંને બાજુથી એક વ્યક્તિ જ ચાલ ચાલે છે. હારવાનો પણ એ જ છે જે જીતવાનો છે. હાર અને જીતના બંને કિસ્સામાં એણે ઝીંદાબાદ ઝીંદાબાદ જ ઝીલવાનું છે.

કદાચ મોદી બાદ કોણ એ વિપક્ષે ચર્ચવાનો મુદ્દો જ નથી. જો એમના પગલે ચાલનારો મળી ગયો તો શું ? એ તાર્કિક રીતે વિપક્ષ માટે મહત્વનો છે. જે પરિમાણો દશ વર્ષના શાસન બાદ સિદ્ધ થયા છે, અને હજુ આગામી પાંચ વર્ષ થવાના છે, એ આંબવા માટે શું પરિશ્રમ લાગશે ? સવાલ અહી વ્યક્તિ બદલાઈને કોણ આવવાનું છે તે છે જ નહિ. આજના સમયની લગભગ પારદર્શી રાજનીતિ ગતિવિધિઓમાં કાર્ય કે કૌભાંડ ઢાંકવું મુશ્કેલ જણાય છે. એ સમય રહેતા ઉજાગર થઈને જ રહે છે. એટલે ભ્રમ ફેલાવીને થતી રાજનીતિ હવે લાંબી અને ટકાઉ નથી રહી. દિલ્હીમાં આજે શું બન્યું એ સાંજે અંતરિયાળ ગામના ચોરે ચર્ચા થઈ જાય છે. મોદીનો વિકલ્પ એમના પક્ષમાં કોણ એ ચર્ચા અસ્થાને છે, એ એમના પક્ષનો આંતરિક મસલો છે. મોદીનો વિકલ્પ તમારા પક્ષમાં કોણ એ વધુ ગહન વિષય છે, જેની ચર્ચા કરતા વિપક્ષોને ધ્રુજારી છૂટી જવી સ્વાભાવિક છે. ■ production@infiniumpharmachem.com

# ધડ વિનાનું મસ્તક હોય ?

હાસ્યાય નમઃ
ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩


(૧) ટેલીવીઝનને લોકો ટીવી તરીકે કેમ ઓળખે છે.

યોગેશભાઈ આર જોશી (હાલોલ જિ.પંચમહાલ)

કોઈ પાસે સમય જ ક્યાં છે ?હસબન્ડને પણ હબ્બી કહે છે એ ટેલિવિઝનને મૂકે?!

(૨) શિવરાત્રીએ શક્કરિયાનું કેમ મહત્વ હોય છે?

કટારીયા આશા હિમ્મતભાઈ (કીડી)

ભાંગનું ન પૂછ્યું એ બદલ આભાર!

(૩) સાહેબ..! એવી કઈ જગ્યા છે કે જ્યાંથી રફુચક્કર થઈ જવામાં મજા છે..!

ધોરાજીયા ઘનશ્યામભાઈ એન. (સાજણટીંબા)

પત્ની સાથે જતા હોઈએ અને સાડીનો સેલ હોય એ જગ્યા!

(૪) દારૂ વેચાય છે એટલે પીવાય છે કે પીવાય છે એટલે વેચાય છે?

કનુભાઈ પરમાર (દામનગર)

તમે મને પણ આમાં ક્યાંક સંડોવી દેશો એમ લાગે છે!

(૫) તડકો કેમ લાગતો હશે ?

કટારિયા અમિત હિંમતભાઈ (કીડી)

પડે એટલે.

(૬) તમે વધારે કોનો ભરોસો કરો ?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

જે વાતવાતમાં, ભરોસો રાખો સાહેબ કહે એમ કહ્યા ન કરે એનો.

(૭) ધડ વિનાનું મસ્તક હોય ?

જય દવે (ભાવનગર)

મસ્તક વિનાનું ધડ હશે !

(૮) ડોક્ટરને બતાવવા જઈએ એટલે શું ન ખાવું એ યાદી ફટાફટ બોલી જાય છે. શું કરવું?

રમાબેન પટેલ (અમદાવાદ)

શું ખાવું એવો સવાલ પૂછજો એટલે ડોક્ટર મોળા પડી જાશે.

(૯) તમે બાગમાં ધીમુંધીમું, ઝીણુંઝીણું, મરકમરક, આછુંઆછું, ક્યારેક ક્યારેક શા માટે હસતા હતા ?

ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)

ખોટુખોટું.

(૧૦) હિમાલય ભારત અને ચીન વચ્ચે છે, એ જો ભારત અને પાકિસ્તાન વચ્ચે હોત તો?

કનુભાઈ લિંબાસિયા 'કનવર' (ચિત્તલ).

તોય ભારત પાકિસ્તાન સામે મેચ જીતી જ જાત કારણ કે અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી!

(૧૧) તાક થૈયા થૈયા તાક થૈ..નો અર્થ મારો પુત્ર મને પૂછે છે તો શું જવાબ આપવો?

રામભાઈ પટેલ (સુરત)

એનો અર્થ એમ કે છોકરાઓને ગુજરાતી માધ્યમમાં જ ભણાવવા!

(૧૨) સફળતાની ચાવી ક્યાં મળે?

દર્શન પટેલ (વડોદરા)

તાળું ખોલી જુઓ.અંદર પડી હશે.

(૧૩) કોઈને ભૂલી જવા હોય તો શું કરવું?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

એને પરાણે ચોવીસ કલાક યાદ કર્યા કરો.

(૧૪) તમને ક્યાં રસમાં રસ નથી ?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

ઉધરસ.

(૧૫) તમે ઢેલને બોલતી સાંભળી છે?

નીરવ ડણાક (અમરેલી)

હા, એક દિવસ એ 'દિલ માગે મોર' એમ બોલતી હતી. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# નોકરી ખરેખર કોઈને હવે મળે એમ જ નથી કે શું ?



બહારથી દેખાતા રોલમોડેલ ઉપરાંતના પણ કેટલાક રોલમોડેલ હવે દેખાવા લાગ્યા છે, આ એક નવી હવા છે, જેમાં સરકારી પરીક્ષાઓમાં સફળ નીવડતા ઉમેદવારો છે. કલાસ - વન કે કલાસ - ટુની વાત તો ઠીક છે, સરકારી કર્મચારીઓમાં

દેશના તમામ પ્રશ્નો અને સમસ્યાઓ માટે રાજકારણ એક બાબતમાં તો આશ્વાસન છે કે બધું જ એ ક્ષેત્ર અને એના નેતાઓ પર ઢોળી શકાય છે. આ હૈયાધારણા નાનીસૂની નથી, કારણ કે એને કારણે સમાજ પોતે પોતાની ભૂલભરેલી પ્રણાલિકાઓ, અપરાધી મનોવૃત્તિઓ અને ગેરસમજો તથા સાવ ખોટ્ટી માન્યતાઓને છુપાવી રાખે છે જ્યારે કે વાંક સમાજકારણ અને રાજકારણનો સમાન ભાગનો હોય છે. જે બેરોજગારોને નોકરી અપાવવાની વાતો ચોરતરફ ગુંજે છે તેમાં એ યુવક અને યુવતીઓની ક્ષમતાઓ વિશે ભાગ્યે જ વાત થાય છે. સારું છે કે રાજ્ય અને કેન્દ્ર સરકારની ભરતી પ્રક્રિયા અંતર્ગતની પરીક્ષાઓ આ બેરોજગારોને સમયાંતરે એ અહેસાસ કરાવતી રહે છે કે તેઓએ તેમના અભ્યાસકાળમાં અને પછી કેટલો વ્યર્થ રઝળપાટ કર્યો છે ! એટલે કે જલસા જ કર્યા છે. એમાં કોરોના નામક જે વેકેશન બહુ લાંબુ ચાલ્યું એમાં તો હીરા ને પથરા બેય પર ધૂળ ચડી ગઈ છે.

તલાટી પણ હવે રોલ મોડેલ તરીકે દેખાય છે કારણ કે એ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું કામ ધૂમ કલ્ચરમાં બાઈક ચલાવનારાઓનું તો નથી જ. અત્યારે રાજકારણીઓને ઠપકો આપવાના બહાને આ બેરોજગારોને પંપાળીને જે રીતે ભારતીય સમાજ ઉછેરે છે તે ખરેખર તો નવી પેઢીનું અહિત જ કરે છે. આજના યુવા વર્ગને ઘઉંની સિઝનમાં એ પણ ખબર હોય છે કે તેમના પરિવારને વાર્ષિક ખરેખર કેટલા ઘઉંની જરૂર હોય છે ? ચોખા ભરવાની સિઝન અને મસાલા તૈયાર કરવાની સિઝન વચ્ચે કોઈ અંતર ખરું કે સાથે જ આવે ? અરે તેમને શાક માર્કેટમાં મોકલીને કહો કે ચાર મહેમાન આવવાના છે એટલે વધારાના શાકભાજી લઈ આવો, તો પણ તેઓ જે થેલી લાવે તેમાંથી ગુણવત્તા અને સપ્રમાણતાને બદલે છબરડાઓ વધુ ઊંચકીને લેતા આવશે.

ઘરમાં બેટા... બેટા.... કહીને માત્ર ઉછેરીને મોટા કરી આપેલા આ સંતાનો તેમની પોતાની જ જિંદગીમાં અધિક વાત્સલ્યના ગેરલાભ જાણે એ પહેલા એને વ્યવહાર જ્ઞાન આપવાની જરૂર છે. જે ગુજરાતી સમાજ એક જમાનામાં પોતાની રળતર આવડતની કુશળતા પર મુસ્તાક હતો એ જ ગુજરાતી સમાજ આજે ટચૂકડી જાહેરખબરોમાં પોતાના સંતાનોનું ભવિષ્ય શોધતો થઈ ગયો હોય તો એના કારણો બહુ નિરાંતે, બહુ ઊંડાણથી અને કોઈનાય ઉપર આક્ષેપ કર્યા વિના શોધવા પડશે. આપણી નવી પેઢીમાં ક્ષમતાઓ છે તે આમ તો તેને વ્યર્થ પ્રશંસાઓથી બુઠ્ઠી કરી નાંખ્યા વિના દિશા આપવા માટેની છે. પરંતુ સંખ્યાબંધ પરિવારો એવા પણ જોવા મળે છે કે જેમણે સંતાનોને પડતા મૂકી દીધા છે. એટલે કે વિવાદ કે ચર્ચા ટાળવા માટે વડીલો, આ સંતાનોને સાંભળીને તુરત સંમત થઈ જાય છે. આને કારણે નવી પેઢીને એક જ મુદ્દામાં અનેક ડાયમેન્શનથી વિચારશીલતા અને તાર્કિકતા કેળવવાનો જે લાભ મળવો જોઈએ તે બાકી રહી જાય છે.

ટેકનોલોજીનો વિકાસ સર્વસ્વીકૃત છે. એ રૈનાવિકસી ગયેલી ટેકનોલોજીને આ નવી પેઢી જે અકારણ મનોરંજનનો સમય આપે છે તે અસ્વીકૃત છે. આ મતભેદનો વિસ્તાર છે. તેઓ કહે છે કે આ મોબાઈલ ફોન જ અમારું કાર્યાલય, બ્રિફકેસ, મિત્રમંડળ જે કહો તે છે. વડીલો હજુ તેમની સાથે સંમત નથી, કારણ કે તેઓ જુએ છે કે પીરસાયેલી ગરમાગરમી ગુજરાતી માધુર્યથી મહેંકતી અને માતૃહસ્તેન ભોજનમ્ પ્રમાણે તૈયાર થયેલી સોનેરી ટુકડા કે દાઉદખાની ઘઉંની રોટલી સાવ ઠરીને ઠીકરું ન થઈ જાય ત્યાં સુધી સંતાનો થાળી પર બેસતા નથી. તેમના હાથમાં જ એક એવું ચુંબક છે જેની સાથે મોબાઈલ ફોન હવે સર્વકાળે એટેચ છે. આ એટેચમેન્ટને કારણે પરિવારના કુદરતદત્ત અનેક સુખ ડિટેચ ને ક્રોસ થઈ રહ્યા છે. મિસ્ટર મોદીએ સ્ટાર્ટઅપ ઈન્ડિયાની નવી પરિભાષા તરતી મૂકી એને કારણે કેટલાક સંતાનો તેમના વાલીઓને કહી રહ્યા છે કે આપણી પાસે મૂળભૂત કેપિટલ જ નથી તો હું આંતરપ્રિનિયોર શી રીતે બનું? વાલીઓની કેપિટલ જ આ સંતાનો છે. તેમણે સંતાનો માટે બધું જ સમર્પિત કરેલું હોય છે.

ઘણા ગુજરાતી સંતાનો ઈચ્છે છે કે તેમના માતા-પિતા તેમના બિઝનેસને સેટ કરી આપે. ખરેખર આ અપેક્ષા બહુ વધારે પડતી છે અને વળી આવી અપેક્ષા એ લોકો રાખે છે જેઓ ભણવામાં તો ઢગલાના ઢ હોય છે પરંતુ કોઈ પણ પ્રકારની મહેનત તેમને કરવી હોતી નથી. એટલે માતા પિતા જ્યારે ઢળતી સંધ્યાએ પહોંચ્યા હોય અને સરકારી કર્મચારી હોય ત્યારે જુવાન છોકરાઓની નજર પછી વડીલોના પેન્શન પર હોય. આજે ગુજરાતમાં માત્ર વડીલોના પેન્શન પર નભતા યુવાનોની સંખ્યા કંઈ ઓછી નથી અને એ ગુજરાતી સમાજનું સૌથી મોટું લાંછન છે. પિતાનો રૂપિયો વાપરવો એ ખોટું નથી, પરંતુ બેઠા-બેઠા પિતાનો રૂપિયો ખાવો એ ખોટું છે. પિતા પાસે ગમે તેટલી સંપત્તિ હોય કે પેન્શન અથવા વ્યાજની આવક હોય તો એ કઈ પિતા સ્વર્ગમાં સાથે લઈ જવાના નથી. એ સંતાનોના કલ્યાણ માટે હોય છે, લાભ માટે નહિ. લાભ અને કલ્યાણ વચ્ચેનો ભેદ સમજી લેવો જોઈએ.

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

આદર્શ સ્થિતિ એ છે કે પિતાનો ખાલી ટેકો લેવાનો હોય અને એ ટેકો પણ સંકટ સમયમાં લેવાનો હોય. બાકી તો આપ કમાણીથી મળતા મીઠું-રોટલો ખાવાના હોય. જે યુવાનોએ લગ્ન કરી લીધા છે, પરંતુ પોતાના કુટુંબને કરકસરમાં મીઠું ને રોટલો ખાઈને દિવસો પસાર કરતા શીખવાડ્યું નથી અને મોજ મજા જ કર્યે રાખી છે એમને માટે હવેનો સમય સારો નથી. કારણ કે દેશમાં ચાલુ થયેલા મંદીના પ્રવાહો હવે ત્રીજા વર્ષમાં પ્રવેશવા આવ્યા છે. હવે મંદીનો ઘેરાવો વધવાનો છે. જિંદગીનો અર્થ એ છે કે જેમાં ચમત્કારની કોઈ સંભાવના નથી. તમે ગઈકાલે કરેલી મહેનતનો રોટલો આજે આરોગી રહ્યા છો અને આજે જે મહેનત કરશો એનું ફળ તમને આવતીકાલે એટલે કે ભવિષ્યમાં મળવાનું છે. આ સિવાયનું આવક માટે નું બીજું કોઈ ગણિત નથી.

દેશમાં દસ ટકા પરિવારો એવા છે કે જેમાં પુત્ર કે પુત્રી નોકરીએ લાગ્યા નથી અને પિતા નિવૃત્ત થઈને ઘરે આવી ગયા છે. અનેક પરિવારોમાં ઘરના મોભીની નિવૃત્તિ એક આઘાત બની ગઈ છે. જેમણે આખી જિંદગી તડકો વેઠીને સર્વ અંગત સુખનો ત્યાગ કરી પરિવારનું પાલનપોષણ કરી સુખ આપ્યું તેને નિવૃત્તિ વેળાએ પણ ઘરમાંથી હાંકી કાઢીને ફરી કામે જોતરવા માટેની ઝુંબેશ જોવા મળે છે. કોઈના વાંકની વાત નથી, સંયોગ જ એવા છે. સંતાનો યુવાન થઈને માથે પડે એ પહેલા એને ચાબુક જેવી માર્ગદર્શક કમાલ બતાવીને હૂંફ - હિંમત આપી કામે ચડાવવાની જરૂર છે. કંઈ જ કામ કરવું નથી અને જલસા કરવા છે - આવી રોગગ્રસ્ત મનોવૃત્તિને કારણે સંખ્યાબંધ પરિવારો શહેરમાં હતા તે ગામડે અને ગામડે હતા તે હવે ખેતર કે વગડામાં રહેવા જતા રહ્યા છે. સમસ્યા એટલી ગંભીર છે પરંતુ મોજમજાની મહેફિલોમાંથી મુક્ત થઈ એના પર વિચારવાનો જાણે કે પ્રજા પાસે સમય જ નથી. જે મનુષ્યના હાથ કામગરા નથી તેને માટે આ બ્રહ્માંડમાં ક્યાંય જગ્યા નથી. કામ કરો, પારિશ્રમિક મેળવો અને જીવન નિભાવો આ સિવાયની બધી વાતો માત્ર તરંગી પરીકથાઓ છે અને આવી કથાઓના વકતાઓનો આપણા દેશમાં પ્રલય થયેલો છે. ■

**માત્ર ભણતા જ શીખવાડતા વાલીઓ સંતાનોની ઊંચી ટકાવારી છતાં એમનું ઘડતર કરવામાં ફ્લોપ જઈ રહ્યા છે**

# બરાબર ત્યાં જ ફોન રણક્યો, કોકીલા બોલી ઉઠી




- દીકરો ભલે બોલતા ન હતા પણ ભાવિક કાકાની આ પરિસ્થિતિ સહન કરી શક્યો નહીં. તેને થયું કે કાકા નક્કી કોઈ ભીડમાં છે. તેને થયું કે કાકાને પૂછું પણ... પછી હાથ પાછો પડયો. એ દર્શન કરીને પાછું વળી કાકાના મનોભાવને જોતો મંદિર બહાર નીકળીને કાર લઈને પોતાની ફેકટરી બાજુ નીકળી ગયો. આ તરફ દાસભાઈ થોડા હળવા બનીને ઘેર આવ્યા કે, કોકીલા ધસમસતી આવી : ''લ્યો આ ફોન... લલી સાથે વાત કરો. એનો હમણાં જ ફોન આવી ગયો. નિમેષકુમારને મુંબઈ લઈ જવા પડશે. પંદર લાખનો ખર્ચો થશે. ''પંદર લાખ ?'' દાસભાઈના પગતળેથી જમીન ખસકી ગઈ. પંદર લાખ તો કાંકરાય ભેળા થાય નહીં. એમાં પંદર લાખ રૂપિયા ?!!

ચારેક કલાકના ભારેખમ વાતાવરણને ખાળવા અને મનના ભારને કૈંક હળવો કરવા આખરે દાસભાઈ પલંગ ઉપરથી ઊભા થયા. પત્નીને ઉદ્દેશીને બોલ્યા : ''કોકી, હું રોકડિયા હનુમાનજીના દર્શન કરતો આવું. એ કૈંક રસ્તો સૂઝાડશે. લલીનો ફોન આવે તો તેને ધરપત અને હિમ્મત આપજે પણ ડોકટર શું કહે છે તે જરા જાણી લેજે...'' ભારેખમ શરીરે ધીમે ધીમે પગલાં ભરતા દાસભાઈ ઓસરીમાં આવ્યા કે કોકીલાએ ડૂસ્કું ભરતા કહી જ દીધું : ''લલી ભલે તમારી સાળી રહી પણ તમે તો એને દીકરી જ માની છે. હવે ડોકટર જે કાંઈ કહે, પણ નિમેષકુમારને બચાવી લેવાની ફરજ તમારી છે એને માટે આકાશ પાતાળ એક કરવા પડે તો ભલે પણ મારા બાપા અમારી સૌની જવાબદારી તમારી ઉપર નાખીને ગયા છે એ ભૂલી ન જતા.'' ''અરે ગાંડી..'' દાસભાઈ પાછા વળ્યા અને પુત્રવધૂની હાજરીમાં જ પત્નીને માથે હાથ ફેરવીને કહ્યું : ''મેં મારા મરતા સસરાને પાણીની ચમચી હાથમાં રાખીને વચન આપ્યું હતું કે ભલે તમારે દીકરો નથી પણ મારી ચારેચાર સાળીઓનો હું બનેવી નહીં પણ ભાઈ થઈને જ ઊભો રહીશ અને એ ચમચીનું પાણી એમના મોઢામાં રેડતાવેંત જ એમણે ડોકું ઢાળી દીધુ' તું. તે દિ' ની ઘડીને આજનો દિ' : હું કે દિ' મારા વચનમાંથી વિમુખ થયો ઈ બોલ ! '

' એટલે જ... અમે તૂટતા તૂટતા રહી ગયા બાકી તો ચારે દશ્યના વાયરા વાયા હોત...'' કોકીલા ધ્રુસકે ધ્રુસકે રડી પડી કે પુત્રવધૂએ ''મમ્મી...'' કરતા તેને સંભાળી લીધી અને દાસભાઈ મંદિરે જઈને દાદાના પગમાં પડી ગયા : '' દાદા વખત કપરો છે, દીકરાએ શેરબજારમાં ગજાબહારનું આંધણ ઓરીને મને ધોઈ નાખ્યો. તું તો જાણે છે કે હવે સાસુવહુ આ ચાર પાપડ બનાવીને પેટિયું રળે છે અને હું ? એક દિ' મારી દુકાને ચાર ચાર નોકર હતા ઈવડા ઈ નોકરે માંડેલી પાનની દુકાને સોપારી વાતરવા જાઉં છું. દીકરો તો દેવાનો ભાર સહન ન કરી શક્યો ને સખની તાણીને સૂઈ ગયો પણ હું કયાં જાઉં. ટીડડા જેવી પુત્રવધૂ અને દીકરાના બે પહુડિયા ! નહીંતર કદાચ પચાસ લાખનીય જરૂર પડે તો બજારમાં મારી શાખ ને કારણે સાઢુભાઈ નિમેષને જરૂર પડે તો તો અત્યારે અમેરિકા ભેગો કરેત પણ... ઘરમાં નવો પૈસોય નથી અને જવાબદારી લલીના સુહાગના ચાંદલાની છે !!'' અને આંસુ ગળા સુધી રેલાયા. બરાબર એ ટાણે પડખે જ, બેસીને દર્શન કરતો ભાવિક કાકાના ચહેરાને તાકી રહ્યો. એમના રડમસ ચહેરાને અને વળી વળીને રોકડિયા હનુમાનજીની મૂર્તિ સામે હાથ લાંબા કરીને કૈંક બડબડાટ કરતા દાસકાકાના મનોભાવનો તાગ કાઢવા તાકી રહ્યો પણ દાસભાઈ તો અત્યારે આખી દુનિયાથી બેખબર હતા. એ તો બસ પ્રાર્થનામાં ડૂબી ગયા હતા. ! કાકા

'તમે ગમે એમ કરો. પણ કાંઈક કરો.'' કોકીલાએ કહ્યું. '' મારો ચેન છે. બુટિયા કાનમાંથી કાઢી દઉ. ઈ વેચી આવો પણ...'' આવી પરિસ્થિતિમાંય દાસભાઈને પત્નીના ભોળપણ ઉપર હસવું આવ્યું : ''કોડી, ચેન એક તોલાનો અને બુટિયા આઠ આના ભારના ! વધુમાં વધુ લાખ રૂપિયા માંડ આવે. સોનાનો ઘસારો બાદ થઈ જાય સમજી ?''

''પપ્પાજી.... મારૂં મંગળસૂત્ર શું કામનું છે હવે ?'' પુત્રવધૂએ કહ્યું અને દાસની આંખ છલકાઈ ગઈ. તેણે પુત્રવધૂના માથા ઉપર હાથ મૂકયો : ''બસ, બેટા બસ, હવે વધારે કંઈ નહીં બોલતી.'' તો પુત્રવધૂએ વિશેષ માહિતી આપી : '' પપ્પા, મારો પિયરનો હાર પણ છે અને ચીંટુ પીંટુના ઓમકાર પણ છે!!.''

''રહેવા દે બેટા, મેં તને કહ્યુંને ?'' દાસભાઈ દુઃખી દુઃખી થઈ ગયા. ''એક કામ કરોને તમે'' કોકીલાએ કહ્યું : '' તમે ભાસ્કરકુમારને, દિલીપકુમારને અને મહેશકુમારને ફોન કરો. અત્યારે ત્રણ ત્રણ લાખની જોગવાઈ કરી આપે પછી...'' જવાબમાં દાસભાઈ કોકીલા સામે તાકી રહ્યા અને બોલ્યા : ''એકેયના તલમાં તેલ નથી. ત્રણેય સ્વાર્થીના પેટના છે !'' ''પણ મને વિશ્વાસ છે.'' કોકીલાએ કહ્યું : કે દાસભાઈએ જવાબ વાળ્યો : ''મેં સારેભલે પ્રસંગે તાગ મેળવી લીધો છે. સોનાની જાળ પાણીમાં નાખવી છે ? છતાં કોકીલાના હઠાગ્રહથી દાસભાઈએ ભાસ્કરને ફોન લગાડયો કે, ભાસ્કરે ગોગા ગાવા માંડયા. દાસભાઈને ગુસ્સો આવ્યો : ''ભાસ્કરકુમાર, વરસોથી જમીનની દલાલી કરો છો બેય છોકરાવેય સારૂં કમાય છે. હું તો શેરબજારમાં આવી ગયો બાકી કોઈને બોલાવું એમ નથી. એક ત્રણ લાખની વ્યવસ્થા નથી ?'' ''વધુમાં વધુ દસ હજાર'' ભાસ્કરે હાથ ઊંચા કરી દીધા કે દાસનું કાળજુ કોરાઈ ગયું : ભૂતકાળ યાદ આવ્યો તે દિ' પુષ્પા જેવી સુંદર છોકરી મેળવવા કોકીલાના કાકા ભાસ્કર માટે કેવી કાકલૂદી કરતા હતા. કયાં પૂષ્પા - કયાં ભાસ્કર ? પણ કોકીલા પીગળી ગયેલી કાકા આગળ. જે દિ' બાપ મોટા ગામતરે વહ્યો ગયો તે દિ' એકેય કાકો પડખે ઊભો નહોતો. પણ

વાર્તા વિશ્વ

યોગેશ પંડયા

કોકીલાને આ બધુ કયાં સમજાતું હતું. પણ એ ટાંકણે જ ફસકી ગયો ?'' દાસભાઈએ વચલા સાઢુને ફોન લગાડયો તો મહેશ કહે : દીકરી મેડિકલમાં ભણે છે એનો ખર્ચો છે નહીંતર તો ?'' જવાબમાં દાસભાઈ કહે કે એ તો ગવર્નમેન્ટ કવોટામાં જ છે ને ? સેલ્ફ ફાઈનાન્સ હોય તો બરોબર છે અને આ તો આપણા સાઢુભાઈઓની ફરજ છે. એલા, રાગિણી જેવી છોકરી તને મળેત નહીં. એ તો મેં જ તારૂ ગોઠવી આપેલું ને ? '' જવાબમાં મહેશ કટાક્ષ ભર્યુ હસ્યો : ''એવું નથી સાઢુભાઈ જોડીઓ તો સ્વર્ગમાં બને છે ને ?'' ''હત તારી...'' દાસભાઈએ ફોન કાપી નાખ્યો. ત્રીજા સાઢુભાઈ દિલીપને ફોન લગાડયો વાત કરી તો દિલીપે કહ્યું : '' હું એક પ્લોટ લેવાની વેતરણમાં છું. સસ્તામાં આવે એમ છે એટલે ત્રણનો મેળ કરી રાખ્યો છે નહિંતર તો વળી...'' જવાબમાં દાસભાઈએ કહ્યું : '' તારા પૈસા બે મહિનામાં પાછાં. પણ અત્યારે વેળ પડી છે. જાગુ ના નહી પાડે. એની બેનનો સુહાગ છે. '' જાગુએ વાત કરી મને'' દિલીપે કહ્યું પણ તમે મને કયારે આપશો ? અત્યારે તો તમે ય ઠનઠન છો. અને બીજુ, જાગુએ જ મને કીધું 'તું કે તમે તરત જ હા નહીં પાડતા. બાપુજીના ખેતરનો વહીવટ તો મોટા બનેવી કરે છે. આટલા વરસોથી કોઈ હિસાબ કિતાબ તો કહેતા નથી. હિસાબ તો તમારી પાસે જમા છે!!'' દાસભાઈએ ખિજાઈને કહ્યુ : '' એમાં વીસ વરસથી કાંઈ ઊગ્યું છે તે હિસાબ આપુ ? એલા ખારોપાટ છે એકલો, ચોમાસામાં ગામનાં ઢોર ચરે છે..'' પછી કહે : '' પણ વાધો નહીં, હિસાબ ચૂકતે થઈ જશે. બાકી મડદાં ઉપર બેસીને જલેબી ખાવાવાળી સગીબેન આજ પહેલીવાર જોઈ...'' એમ કરીને ફોન કાપી નાખ્યો અને બેસી પડયા. ''ત્રણે ત્રણ સાઢુનું પેટ જોઈ લીધું ? બધા સ્વાર્થી છે. આ બધા તારા કાકાએ, માસાએ અને ફૈબાએ ચિંધાડેલા રતન ! દાસભાઈનો પૂણ્યપ્રકોપ ફાટી નીકળ્યો : આ ત્રણે ત્રણ સાળીનું કર્યું ત્યારે મને પૂછવાવાટ નહોતી રાખી તેં કે તમારા માતૃશ્રીએ ! બાકી કામ હોય ત્યારે પુરૂષોતમ ! જમવામાં જગલો, ફૂટવામાં ભગલો ! તમારે ત્યાં જયારે જયારે પ્રસંગ આવ્યો છે ત્યારે ત્રણમાંથી એકેય વાંકા નથી વળ્યા. ઈન્સર્ટ કરીને આંટા મારતા હોય. પણ આંખ કયાં ઊઘડી ? અત્યારે તો નિમેષકુમારની જિંદગીનો સવાલ છે તોય એકેયના હાથમાંથી દોઢિયું છૂટતું નથી. આ લાલી (લલિતા)ની સગાઈ માટે મેં બા પાસે કેટલાય ધક્કા ખાધા કહ્યું કે મારો ભત્રીજો. ચોવીસ કેરેટના છોકરાએ પાટુ મારીને પાણી કાઢયુ છે. કર્યું હોત તો ઈ આવે ટાણે ઊભો રહેત પણ તમારી આંખે તો પાટા હતા. આ તે' દૂરના અમારા કાકા ભત્રીજા વચ્ચે અબોલા થઈ ગયા. હા પાડયા પછી તમે ને બા ફરી ગયાને, તેનું દુઃખ છે !!'' દાસભાઈ નિરાશ થઈ બેસી પડયા અને કોકીલા આંસુ પાડતી રહી.

બરાબર ત્યાં જ ફોન રણક્યો. કોકીલા બોલી ઉઠી : ''જુઓ જુઓ ભાસ્કરકુમારનો જ ફોન હશે. પૈસાની વ્યવસ્થા કરી જ નાખી હશે !! ''ધૂળ ભાસ્કરનો ફોન...'' દાસભાઈએ અજાણ્યો નંબર જોઈને કહ્યું : ''હાજી બોલો..'' સામે છેડેથી બોલાયું : ''કાકા, હું ભાવે...'' ''ભાવે...શ?'' દાસભાઈથી એટલું તો માંડ બોલાયું અને ફોન ઉપર જ રડી પડયા તો ભાવેશે કહ્યું : '' કાકા, રડો નહીં મને બાપુજીએ બધી વાત કરી છે. તમે બધાને વાત કરતા હતા એ પણ ખબર છે હવે કોઈને ફોન નહીં કરતા. મારો માણસ પૈસા અને અર્ટીગા લઈને આવે છે. તમે તમારા સાળીને કહી દો, કે મુંબઈ જવાની તૈયારી કરે. ત્યાં ડો. ગુપ્તા સાથે એપોઈન્ટમેન્ટ લઈ લીધી છે. તમારે ને મારા કાકીએ ખાલી ગાડીમાં બેસી જવાનું છે બાકી બધી જ વ્યવસ્થા મેં કરી દીધી છે. ફોન સ્પિકર પર હતો. કોકીલા અને દાસભાઈની આંખમાંથી આંસુની નદી વહી રહી હતી !! (સમાપ્ત) ■

# ભણતરને લગતી અન્ય વાતચીત કરતાં કરતાં બન્ને ઘરે પહોંચ્યા




મહિનો આમ પૂરો થયો. એ દિવસે સાંજના બધા જમવા બેઠા હતા ત્યારે જ્યોતિ : ''બા...'' એટલું કહી પછી દામલ સામે જોઈ વળી આગળ કહ્યુ : ''દામલ, હું આવતીકાલે સવારમાં મારે ગામ, મારા ઘરે જવાની છું. થોડું અગત્યનું અને ખૂબ જરૂરી કામ છે એટલે. આમેય લગભગ દોઢ મહિનાથી તો હું ગઈ જ નથી. શુક્ર અને શનિવારની રજા લીધી છે. સોમવારે તો હું પાછી આવતી રહીશ..''

''સારૂં બેટા, તું આરામથી તારા ઘરે જઈ આવ. અગત્યનું કામ હોય તો ઘરે જવું જ પડે...'' બા બોલ્યાં, પરંતુ દામલ કંઈ કશું બોલ્યો નહીં, તેનું મોઢું જાણે પડી ગયું હતું એ જ્યોતિથી અજાણ પણ ન જ હતું. હવે જમવાનું પૂરૂં થયું કે દામલ તો રસોડામાંથી તરત જ બહાર નીકળ્યો. એ ઘડીએ જ્યોતિ પણ તેની પાછળ ચાલી નીકળી. રોજની જેમ બા તો રસોડાના કામમાં વળગી ગયાં હતાં.

દામલ તો સીધો જ હિંડોળા પર બેસી ગયો ત્યાં તો પાછળ ચાલી આવતી જ્યોતિ પણ દામલની પાસે હિંડોળા પર બેસી ગઈ. એકાદ બે મિનિટ પછી જ્યોતિએ દામલને સાવ ધીરેથી કહ્યું : ''મારે હવે વિસાવદર જવું જ પડે તેમ છે, શું કામ ? ખબર છે તને..?''

''ના, મને કેમ ખબર હોય ? તું કહે તો જ ખબર પડે...'' દામલ બોલ્યો.

''હવે વાત એમ છે કે, મને પેટમાં કંઈક થઈ રહ્યું છે.. શું થઈ રહ્યું છે તેની મને કંઈ જ ખબર પડતી નથી...''

''સાચે જ...? એટલે આમ તને થાય છે શું ?'' દામલે પૂછયું.

''આવું તો કયારેય નથી થયું. આ તો કંઈક સાવ અલગ જ પ્રકારનું થઈ રહ્યું છે. આના માટે જ મારે જવું છે. થોડી ચિંતા પણ થાય છે એટલે વહેલા વહેલા ચેક કરાવી લેવું સારૂં, પછી તો સાવ નિરાંત...''

''હા, ચેક કરાવી લેવું સારું, જો સાચે જ એવું કંઈક હોય તો વળી મોટી અને નવી ઉપાધિ આવી પડશે. માટે તું ચેક તો કરાવી જ લેજે, જ્યોતિ...''

''આમાં તારે તો ચિંતા કરવાની કે ઉપાધિ કરવાની જરાપણ જરૂર નથી. સમજ્યો ? બસ, હું એકલી જ બસ છું....'' જ્યોતિ તેનું મોઢુ દામલના કાન પાસે લાવી સાવ ધીમે ધીમે બોલી, એટલે તેના મોઢે આવું સાંભળી દામલને થોડું આશ્ચર્ય તો જરૂર થયું જ, તો પણ કયાંય સુધી તે જ્યોતિ સાથે વાત કરતો રહ્યો.

અને બીજા દિવસની વહેલી સવારે જ્યોતિ તો તેના ગામ જવા માટે નીકળી.

(ક્રમશઃ) ■

શાળાના દરવાજામાં પ્રવેશતાની સાથે જ રોજના નિયમ પ્રમાણે પ્રથમ પ્રાર્થના અને પછી અભ્યાસને લગતું બધું જ કાર્ય શરૂ થતું. બધા શિક્ષકો પોતપોતાના વર્ગખંડમાં ચાલ્યા ગયા પછી આચાર્યશ્રી મગનભાઈએ જ્યોતિ સાથે ઘણી બધી ચર્ચાઓ કરી, ચર્ચાના અંતે જ્યોતિને ત્રીજા ધોરણનો વર્ગ ફાળવવામાં આવ્યો હતો.

હવે વાતચીત પૂરી થઈ એટલે જ્યોતિ ઓફિસમાંથી બહાર નીકળીને તેને ફાળવેલ વર્ગખંડ તરફ ચાલી. જ્યારે તે તેના વર્ગખંડમાં પ્રવેશી ત્યારે તેના ચહેરા પરનો ભાવ અને ઉત્સાહ કંઈક અલગ જ પ્રકારનો હતો. પોતાના હાથમાં પકડેલ રજીસ્ટર ટેબલ પર મૂકી તે સ્થિર ઊભી રહી ત્યાં તો એકીસાથે બાળ વિદ્યાર્થીઓએ તાળીઓના ગડગડાટથી મેડમને ખુશીઓના ધોધથી વધાવી લીધાં. નવા નવા મેડમ - બેન હતાં ને..! હા, જ્યોતિ માટે આજનો દિવસ આમ તો કંઈક અલગ જ હતો એટલે અનન્ય ખુશી સાથે અતિ સુખ અને શાંતથી પસાર થયો.

શાળા છૂટયા પછી સાંજના ઘર તરફ જતાં ચાલતાં ચાલતાં જ્યોતિએ દામલને એમ જ કહ્યું : આચાર્ય સાહેબે મને ત્રીજું ધોરણ આપ્યું...''

''એમ...? શું વાત કરે છે તું ? ત્રીજું ધોરણ તો મારા મને ખૂબ જ સારૂં કહેવાય. અને હા, તું તો વર્ગ કયારે મળે તેની રાહ જ જોઈ રહી હતીને ? ખૂબ સારૂં થયું. પહેલું, બીજું, છઠ્ઠું અને સાતમું ધોરણ થોડો ત્રાસ આપે. ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓ થોડા સારા અને સમજણા હોય છે એટલે તને જરાપણ વાંધો નહીં આવે...'' દામલે આવી વાત કરી.

ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

આમ ભણતરને લગતી અન્ય વાતચીત કરતાં કરતાં બન્ને ઘરે પહોંચ્યાં. આ હવે તો રોજનું થયું. રોજ સવારે ઊઠવું, નાહી પરવારીને તૈયાર થવું, થોડો નાસ્તો કરવો ને પછી સમયસર શાળાએ પહોંચવું, વિદ્યાર્થીઓને પાઠ ભણાવવા, સમય પૂરો થતાં શાળાએથી પરત ઘરે આવવું, સાંજનું જમવાનું અને પછી ઊંઘી જવાનું, રોજ રોજ આવું બધું ચાલવા લાગ્યું, આમ દિવસ પછી દિવસ, બસ એમ જ પસાર થવા લાગ્યા. દોઢ

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

## બગસરાના હડાળા નજીક કુવામાંથી મળેલી લાશનો ભેદ ઉકેલાયો

# મૃતક પરિણીતા વિસાવદરના રૂપાવટી ગામની હોવાનુ ખુલ્યુ

**એક વર્ષ પહેલા પરિણીતાના પ્રેમીએ માથુ છુંદી નાખી લાશને કુવામાં નાખી દીધી હતી**

અમરેલી,તા.૦૧

બગસરાના હડાળા નજીક કૂવામાંથી મળેલા મહિલાના કંકાલનો ભેદ ઉકેલાઈ ગયો છે. અજય દેવગણના અભિનયવાળી ફિલ્મ દ્રશ્યમ સ્ટાઈલથી પોલીસે જુનાગઢની મહિલાની હત્યાનો ભેદ ૧૩ મહિના બાદ ઉકેલી નાખ્યો છે. જુનાગઢમાં ગુમ થયાના ૧૩ મહિના પછી પોલીસને એક મહિલાના હાડપિંજરના અવશેષો મળી આવ્યા હતા. મુખ્ય શંકાસ્પદ, ૨૮ વર્ષીય હાર્દિક સુખડિયા, આ બધા મહિનાઓ સુધી પોલીસને થાપ આપતો રહ્યો પરંતુ આખરે તે પકડાઈ ગયો છે. આરોપી હાર્દિક સુખડિયાનો ગાંધીનગરની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે લેયર વોઈસ એનાલિસિસ ટેસ્ટ પણ કરાયો હતો. મૃતકની ઓળખ ૩૫ વર્ષીય પરિણીત મહિલા દયા સાવલિયા તરીકે થઈ છે. તે જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના રૂપાવટી ગામની રહેવાસી હતી. પરિણીતા ૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ


આરોપી


દયાબેન સાવલિયા, મૃતક

ગુમ થઈ ગઈ હતી. પરિણીતા ઘરેથી સોનાના દાગીના અને લગભગ ૯.૬૦ લાખ રૂપિયા રોકડા લઈને નીકળી હતી તેના થોડા દિવસો પછી તેના પતિએ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ વિસાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. હત્યાકાંડ પાછળનો ખુલાસો કરતાં પોલીસે એવું કહ્યું કે દયા અને હાર્દિક લિવ ઈનમાં સાથે રહેતાં હતા. દયા હાર્દિક સાથે લગ્ન કરવા માગતી હતી. જોકે, તેને રસ ન હતો અને પછી પરિણીતાથી છૂટકારો મેળવવા માટે તેને મારી નાખવાનું નક્કી કર્યું. તેણે ગયા વર્ષે ૩ જાન્યુઆરીએ મહિલાની હત્યા કરી હતી. આરોપી મહિલાને અમરેલી જિલ્લાના હડાળા ગામની સીમમાં લઈ ગયો અને તેના માથા પર પથ્થરો મારી દીધા. ત્યારબાદ સુખડિયાએ તેના મૃતદેહને કૂવામાં ફેંકી દીધો.હત્યાના એક દિવસ પહેલાં બન્ને રાજકોટના કાગવડની એક હોટલમાં રહ્યાં હતા અને સંબંધ બાંધ્યો હતો જે પછી હાર્દિક દયાને હડાળા ગામની સીમમા લઈ ગયો અને પથ્થરથી માથું છુંદી નાખીને લાશ કૂવામાં ધકેલી દીધી હતી.

## દિલ્હીના મુખ્યમંત્રીએ કેગનો રિપોર્ટ રજૂ કર્યો, હોસ્પિટલોમાં સ્ટાફની અછત

દિલ્હી,તા.૦૧

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ વિધાનસભામાં આરોગ્ય વિભાગ સંબંધિત CAG રિપોર્ટ રજૂ કર્યો. ૭ પાનાના રિપોર્ટમાં જણાવાયું છે કે દિલ્હીમાં આરોગ્ય માળખાનો અભાવ છે. નર્સો અને ડોકટરોની સંખ્યા પૂરતી નથી. મહિલા આરોગ્ય કાર્યક્રમો માટે ભંડોળ ઓછું છે. એમ્બ્યુલન્સમાં જરૂરી સાધનો નથી. ICU™e અછત છે. રિપોર્ટ મુજબ, દિલ્હીમાં ઓછામાં ઓછા ૨૧ મોહલ્લા ક્લિનિકમાં શૌચાલય નથી. હોસ્પિટલોમાં સ્ટાફની અછત છે. મોટા ઓપરેશન માટે દર્દીઓને લાંબો સમય રાહ જોવી પડે છે. આ ઉપરાંત, કોવિડ-૧૯ દરમિયાન કેન્દ્ર સરકારે દિલ્હી સરકારને આપેલી રકમનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. આ રિપોર્ટ પર સોમવારે ગૃહમાં ચર્ચા થશે. દરમિયાન, વિધાનસભામાંથી સસ્પેન્ડ કરાયેલા AAP ધારાસભ્યોએ રાષ્ટ્રપતિને મળવા માટે સમય માંગ્યો છે.

## અજમેરમાં હિન્દુ છોકરીઓ પર થયેલા બળાત્કાર-બ્લેકમેલ કેસને લઈને હિન્દુ સંગઠનો રસ્તા પર ઉતર્યા

(એચ.એસ.એલ),અજમેર,તા.૦૧

હિન્દુ છોકરીઓને નિશાન બનાવીને બ્લેકમેઈલિંગની ઘટનાના સંદર્ભમાં હવે હિન્દુ સંગઠનો અજમેરમાં રસ્તા પર ઉતરી આવ્યા છે. અજમેરમાં આજે પણ ભારે વિરોધ પ્રદર્શન ચાલુ છે. બ્લેકમેલ કૌભાંડ ભાગ બે સામે હિન્દુ સંગઠનોએ મોરચો ખોલ્યો છે. રાજસ્થાનમાં, યોગી મોડેલ હેઠળ, ગુનેગારો સામે કાર્યવાહી માટે સૂત્રોચ્ચાર કરવામાં આવી રહ્યા છે.



રસ્તાઓ પર મહિલાઓના ટોળા પણ એકઠા થઈ ગયા છે. રાજસ્થાનમાં યોગી મોડેલ લાવવાની માંગ થઈ રહી છે. મહિલાઓ સૂત્રોચ્ચાર કરી રહી છે. તે યોગી સરકારની જેમ ગુનેગારો સામે કાર્યવાહીની માંગ કરી રહી છે. સગીર હિન્દુ છોકરીઓ સામે આ જઘન્ય ગુનો કરનારાઓને ફાંસી આપવાની માંગ થઈ રહી છે. અત્યાર સુધીમાં પોલીસે આ કેસમાં ૧૩ આરોપીઓની ધરપકડ કરી છે. જે કાફેમાં છોકરીઓને લાલચ આપીને અહીં લાવવામાં આવતી હતી તેના સંચાલકની પોલીસે કર્ણાટકથી ધરપકડ કરી છે. કાફેને બુલડોઝરથી તોડી પાડવામાં આવ્યું છે અને હવે લોકોનો ગુસ્સો રસ્તાઓ પર ફાટી નીકળ્યો છે. ગુસ્સે ભરાયેલા લોકો કૂચ કરી રહ્યા છે. આખું શહેર બંધ છે.

## ટેટુની સ્યાહીમાં ૨૨ પ્રકારના જોખમી પદાર્થો : કર્ણાટક સરકાર નિયમો લાદશે

બેંગ્લોર,તા.૦૧

કર્ણાટકના આરોગ્ય મંત્રી દિનેશ ગુંડુ રાવે જાહેરાત કરી છે કે રાજ્ય સરકાર સલામતી સુનિશ્ચિત કરવા માટે ટેટૂ પાર્લર માટે નવા અને કડક નિયમો લાદવાની યોજના બનાવી રહી છે. આ માટે રાજ્ય સરકાર કેન્દ્ર પાસેથી પણ હસ્તક્ષેપ માંગશે જેથી ટેટૂ બનાવવાની પ્રક્રિયા માટે યોગ્ય માર્ગદર્શિકા નક્કી કરી શકાય. આરોગ્ય મંત્રી રાવે જણાવ્યું હતું કે ફૂડ સેફ્ટી વિભાગે તાજેતરમાં ટેટૂ સ્યાહીના નમૂનાઓનું પરીક્ષણ કર્યું હતું જેમાં ૨૨ પ્રકારના જોખમી પદાર્થો મળી આવ્યા હતા. આમાં ત્વચા કેન્સર, HIV, હેપેટાઈટિસ B અને C, અને સ્ટેફાયલોકોકસ ઓરિયસ જેવા બેક્ટેરિયાનો પણ સમાવેશ થાય છે. ટેટૂ સંબંધિત ચેપને કારણે એઈડ્સ, કેન્સર અને ત્વચા સંબંધિત રોગોમાં નોંધપાત્ર વધારો થયો છે. જેમાં ટેટૂ પ્રક્રિયામાં નબળા સફાઈ ધોરણો અને જોખમી રસાયણોના ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

## ૧ ઓક્ટો.૨૦૨૩ પછી જન્મેલાઓનો જન્મ પ્રમાણપત્ર વગર પાસપોર્ટ નહી બને

**કેન્દ્ર સરકારે ગાઈડલાઈન જાહેર કરી**

ન્યુ દિલ્હી,તા.૦૧

પાસપોર્ટ એક એવો દસ્તાવેજ છે જેનાથી કોઈ પણ વ્યક્તિની ઓળખ અને તેની નાગરિકતા સાબિત થાય છે. વિદેશ પ્રવાસ માટે આ સૌથી જરૂરી દસ્તાવેજ છે. તેની મદદથી જ તમે અન્ય દેશોમા ફરવાનું, ભણવાનું, બિઝનેસ કે અન્ય કારણોસર મુસાફરી કરી શકો છે. ત્યારે હવે પાસપોર્ટને લઈને કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે પાસપોર્ટ માટે અરજી કરનારાઓ માટેના નિયમોમાં સુધારો કર્યો છે. નવા સુધારા પ્રમાણે હવે ૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અથવા તે પછી



જન્મેલા અરજદારો માટે સરકાર અને યોગ્ય અધિકારીઓ દ્વારા જારી કરાયેલ જન્મ પ્રમાણપત્ર જ જન્મ તારીખનો એકમાત્ર પુરાવો રહેશે. આ જન્મ પ્રમાણપત્ર વિના જન્મ તારીખ સાચી ગણવામાં આવશે નહીં અને તેના વિના પાસપોર્ટ નહીં બનશે. કેન્દ્ર સરકાર દ્વારા આ અઠવાડિયે ૧૯૮૦ના પાસપોર્ટ નિયમોમાં સુધારાને અસર કરતી એક સત્તાવાર નોંધ જારી કરવામાં આવી હતી. આ નોંધ અંગે અધિકારીઓ દ્વારા કહેવામાં આવ્યું હતું કે, સુધારાઓ સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત થયા બાદ નવા નિયમો લાગુ થઈ જશે.

## દેશનો આર્થિક વિકાસ અમીરો પુરતો સિમિત : રીપોર્ટમાં ખુલાસો

ન્યુ દિલ્હી,તા.૦૧

ભારતને દુનિયાના સૌથી મોટા બજારના રૂપે જોવામાં આવે છે. પરંતુ, એક લેટેસ્ટ રિપોર્ટ જણાવે છે કે, આ બજાર બહુ મોટું નથી અને તેમાં વિસ્તાર પણ નથી થઈ રહ્યો. જ્યારે, પણ વિદેશો સાથે ભારતના સંબંધ વિશે વાત કરવામાં આવે, તો પહેલાં કહેવામાં આવે છે કે, ભારતનું બજાર એટલું મોટું



છે કે, તેની જરૂર બધાંને છે. જે દેશમાં લગભગ દોઢ અરબ લોકો રહે છે, તેને એક મોટા બજારના રૂપે જોવામાં આવે તે કુદરતી છે. પરંતુ, હાલમાં જ સામે આવેલાં રિપોર્ટ મુજબ, ભારતનું બજાર જેટલું મોટું દેખાય છે, તેટલું છે નહીં. દેશનો આર્થિક વિકાસ અમીરો સુધી સિમિત થઈ રહ્યો છે. જેનાથી આવકની અસમાનતા વધી રહી છે અને લાંબાગાળાની સ્થિરતા પર સવાલ ઊભા થઈ રહ્યાં છે. ભારતના વિકાસ દર સામે આ મોટો પડકાર છે. બ્લૂમ વેન્ચર્સના રિપોર્ટ અનુસાર, ભારતની વસ્તી ખૂબ જ વધારે છે. પરંતુ, અસલ ગ્રાહક વર્ગ નાનો છે. ફક્ત ૧૩-૧૪ કરોડ ભારતીય જ 'ગ્રાહક વર્ગ'માં આવે છે, જેની પાસે મૂળભૂત વસ્તુ સિવાય અન્ય ખર્ચ માટે પર્યાપ્ત પૈસા છે. આ સિવાય, ૩૦ કરોડ લોકો ઉભરતા વર્ગમાં આવે છે પરંતુ, તેમનો ખર્ચ કરવાની ક્ષમતા સીમિત છે.


-//તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ/ કેસ/રજી.નં.૦૨/૨૦૨૫

પ્રતિ,
શ્રી બાંભણિયા લખમીબેન મંગળભાઈ
રહે.નાનાવાડા, ગામ- નાનાવાડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ . . . અરજદાર
વકીલશ્રી,એમ.એમ.કાતિરા રહે.કોડીનાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, નાનાવાડા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના નાનવાડા ગામના રહીશ **શ્રી બાંભણિયા મંગળભાઇ મેપાભાઇ તથા શ્રી બાંભણિયા લખમીબેન મંગળભાઇ નો પુત્ર બાંભણિયા કપિલભાઇ મંગળભાઇનો જન્મ** તા.૦૫/૦૮/૧૯૯૨ ના રોજ કોડીનાર તાલુકાના નાનાવાડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના નાનાવાડા ગામના સને.૧૯૯૨ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૦૩/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૧/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહિ
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


## ધોરાજી તાલુકા પોલીસે મોટરસાયકલ ચોરને ઝડપી પાડ્યો, ચાર બાઈક કબજે

ધોરાજી, તા.૦૧

ધોરાજી તાલુકા પોલીસે મોટરસાયકલની તસ્કરી કરતા એક ઈસમને ઝડપી પાડ્યો છે. પોલીસે તેની પાસેથી ચોરાયેલા ચાર મોટરસાયકલ પણ કબજે કર્યા છે. ધોરાજી તાલુકા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક વ્યક્તિ નંબર પ્લેટ વિનાનું મોટરસાયકલ લઈને જૂનાગઢ રોડ પરથી પસાર થઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને રાજવંદ વીરદાસભાઈ વાઘેલા (ઉંમર વર્ષ ૨૦, રહે. ભિયાડ, તા. જૂનાગઢ) નામના વ્યક્તિને અટકાવ્યો હતો. પોલીસે તેની પૂછપરછ કરતા તેણે મોટરસાયકલ ચોરી કર્યા હોવાની કબૂલાત કરી હતી. વધુ પૂછપરછમાં તેણે જણાવ્યું કે તેણે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ પાસેથી બે મોટરસાયકલ, જેતપુરના ધોરાજી રોડ પરથી એક મોટરસાયકલ અને રાજકોટના રામનાથપરા પાસેથી એક મોટરસાયકલની ચોરી કરી હતી પોલીસે આરોપીની કબૂલાતના આધારે ચારેય મોટરસાયકલ કબજે કર્યા હતા. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વડનગરમાં અંબુજા ફાઉન્ડેશન દ્વારા ખેલ મહોત્સવનું આયોજન

વડનગર, તા.૦૧

અંબુજા ફાઉન્ડેશન દ્વારા વડનગર ખાતે ખેલ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં રામપરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો, જેમાં કબડ્ડીમાં બહેનોની ટીમ પ્રથમ ક્રમે રહી હતી. ખો-ખો ભાઈઓની ટીમ અને



બહેનોની ટીમ બંને ત્રીજા ક્રમે રહી હતી. કબડ્ડીમાં ભાઈઓની ટીમ ત્રીજા ક્રમે રહી હતી. એથ્લેટિક્સમાં લાંબી કૂદમાં મેર કિંજલ બેને પ્રથમ અને વાઢેર શિવાનીએ બીજો નંબર મેળવ્યો હતો. ગોળા ફેંકમાં કામળિયા રાધિકાએ બીજો નંબર મેળવ્યો હતો.


-//તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ/ કેસ/રજી.નં.૧૨/૨૦૨૫

પ્રતિ,
શ્રી હમીરભાઈ ઈસ્માઈલભાઈ ઢોકી
રહે.મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ . . . અરજદાર
વકીલશ્રી એલ.એસ.સોસા રહે.કોડીનાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુળદ્વારકા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના રહીશ **શ્રી હમીરભાઇ ઇસ્માઇલભાઇ ઢોકી તથા મુસ્કાન હમીરભાઇ ઢોકીનો પુત્ર ઝુલફીકાર હમીરભાઇ ઢોકી નો જન્મ** તા.૦૪/૦૫/૨૦૨૧ મા કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના સને.૨૦૨૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૩/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૧/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહિ
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-//તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ/ કેસ/રજી.નં.૧૩/૨૦૨૫

પ્રતિ,
શ્રી પઠાણ અનવરભાઈ અબ્દેરહેમાન
રહે.કાજ,ગામ- કાજ તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ . . . અરજદાર
વકીલશ્રી એલ.એસ.સોસા રહે.કોડીનાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, કાજ , તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામના રહીશ **શ્રી પઠાણ અનવરભાઇ અબ્દેરહેમાન તથા પઠાણ મેમુનાબેન અનવરભાઇ નો પુત્ર હમઝાખા અનવરભાઇ પઠાણનો જન્મ** તા.૦૯/૧૨/૨૦૨૧ મા કોડીનાર તાલુકાના કાજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના કાજ ગામના સને.૨૦૨૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૩/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૧/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહિ
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-//તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ/ કેસ/રજી.નં.૦૯/૨૦૨૫

પ્રતિ,
શ્રી દાદુભાઈ ગફુલભાઈ ચાવડા
રહે.શેઢાયા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ . . . અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, શેઢાયા તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના શેઢાયા ગામના રહીશ **શ્રી દાદુભાઇ ગફુલભાઇ ચાવડા તથા શ્રી અબ્બાસીબેન દાદુભાઇ ચાવડાના પુત્રી શ્રી મનિષાબેન દાદુભાઇ ચાવડા નો જન્મ** તા.૦૪/૦૩/૧૯૯૦ માં કોડીનાર તાલુકાના શેઢાયા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના શેઢાયા ગામના સને.૧૯૯૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૩/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૧/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહિ
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મં/મરણ નોંધણી/ અરજી નં.૬૫/૨૦૨૫ તા.૦૧/૦૩/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧.પંડયા ગુટુલાલ પ્રાણજીવન
રહે. ૭૪, નારાયણ નગર સોસાયટી, ગોરવા ગામ પાછળ, ગોરવા વડોદરા-૩૯૦૦૧૬

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-........ ૧.તલાટી કમ મંત્રીશ્રી વિરડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના ભત્રીજા **વિપુલ પ્રવિણચંદ્ર પંડયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૫૯** ના રોજ મુ.વિરડી, તા. સાવરકુંડલા જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

# મહાકુંભમાંથી પરત આવતા ઝાંસી નજીક અકસ્માતમાં ગોહિલવાડ પંથકના ૪ લોકોના મોત

ગારીયાધાર,તા.૦૧




ઉત્તર પ્રદેશના પ્રયાગરાજથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં ઝાંસી-કાનપુર હાઈવે પર એક ગુજરાતી પરિવારને અકસ્માત નડ્યો હતો. કાર અને ટ્રક વચ્ચેની ટક્કરમાં ૪ લોકોના મૃત્યુ નિપજ્યાં છે. મૃતકોમાં ગારિયાધાર અને ભાલવાવના ચાર લોકો સામેલ છે જ્યારે અન્ય એક ઈજાગ્રસ્ત થયો છે. ઈજાગ્રસ્ત યુવતીને ઝાંસીની મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી. અકસ્માત શુક્રવારે (૨૮મી ફેબ્રુઆરી) સવારે ૪ વાગ્યે થયો હતો. મળતી માહિતી અનુસાર, મૃતકોમાં ગારિયાધારના રૂપાવટીના બિપિનભાઈ અને ભાવનાબેન જ્યારે ભાલવાવના જગદીશભાઈ અને કૈલાશબેનનો સમાવેશ થાય છે. જ્યારે દીકરી ઈજાગ્રસ્ત થતા તેને હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે. આ ગમખ્વાર અકસ્માત એટલો ભયાનક હતો કે પ્રયાગરાજથી પાછો આવતો પરિવાર કાળનો કોળિયો બની ગયો હતો. અકસ્માતના અહેવાલથી વિસ્તારમાં સોંપો પડી ગયો છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. પોલીસે જણાવ્યું કે ગુજરાતના પરિવારની કાર પૂરપાટ ઝડપે દોડી રહી હતી અને એકાએક ડ્રાઈવરે સ્ટીયરિંગથી કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હોવાનો દાવો છે.

# રાજયમાં માર્ચ મહિનામાં ભારે ગરમી પડવાની આગાહી

**તાપમાનમાં સામાન્ય કરતા બેથી ત્રણ ડીગ્રી વધે તેવી સંભાવના**

અમદાવાદ,તા.૦૧

ગુજરાતમાં ઉનાળાની શરૂઆત સાથે જ તાપમાનનો પારો ઊંચકાઈ રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ની આગાહી અનુસાર, માર્ચ મહિનામાં જ રાજ્યમાં મે મહિનાની ગરમીનો અનુભવ થવાની શક્યતા છે. દર વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૫ના ઉનાળામાં ગરમી ભુક્કા બોલાવે તો નવાઈ નહીં, કારણ કે આ વર્ષે તાપમાન સામાન્ય તાપમાન કરતાં ત્રણથી ચાર ડિગ્રી વધારે રહેશે, એટલે કે આકરી ગરમીનો અનુભવ થશે. માર્ચના પ્રથમ સપ્તાહમાં પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય રહેશે, જેના કારણે ચાલુ સાલે ગુજરાતમાં ઉનાળાની આકરી ગરમીની શરૂઆત માર્ચના ત્રીજા સપ્તાહથી શરૂ થવાની સંભાવના છે. માર્ચથી



મે મહિના સુધી ઉત્તર ગુજરાત, મધ્ય-પૂર્વ ગુજરાત અને સૌરાષ્ટ્રના દ્વારકા, જામનગર, પોરબંદર અને સુરેન્દ્રનગર જિલ્લામાં સૌથી વધુ ગરમી પડવાની સંભાવના છે. આ દરમિયાન સામાન્ય હીટવેવના દિવસો ૬થી લઈ ૧૫ દિવસ રહેવાની શક્યતા છે. માત્ર માર્ચ મહિનાની સ્થિતિ જોઈએ તો હીટવેવ ૧થી ૫ દિવસ રહી શકે છે. સામાન્ય રીતે ઉનાળા દરમિયાન રાજ્યમાં હીટવેવના દિવસો ૨થી ૬ દિવસના હોય છે તેમજ માર્ચ મહિના દરમિયાન અડધા દિવસથી લઈ ૨ દિવસ હીટવેવના રહેતા હોય છે.

# રમતગમત મંત્રી મનસુખ માંડવીયા રાજકોટની મુલાકાતે, ઘેડ પંથક માટે ૧૫૦૦ કરોડનો પ્લાન

રાજકોટ,તા.૦૧



કેન્દ્રીય શ્રમ રોજગાર અને રમત ગમત મંત્રી મનસુખ માંડવિયા આજે રાજકોટની મુલાકાતે આવ્યા હતા. અહીં તેમના દ્વારા એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેઓએ કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારનાં બજેટથી થનારા ફાયદાઓ વિશે માહિતી આપી હતી. કેન્દ્રીયમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ઘેડ પંથક માટે રૂ. ૧૫૦૦ કરોડનો પ્લાન ઘડાયો છે, જે ખૂબ સારી બાબત છે. તો કેન્દ્રનું બજેટ દેશનો વિકાસ કરનારૂ છે. આ તકે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા ગેરકાયદે વસતા ભારતીયોને પરત મોકલવા અંગે કોઈ કોમેન્ટ કરવી યોગ્ય નહીં હોવાનું માંડવિયા દ્વારા જણાવાયું હતું.

# અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશનની મુલાકાત લેતા કેન્દ્રીય રેલવે મંત્રી વૈષ્ણવ

અમદાવાદ,તા.૦૧

અમદાવાદનું કાલુપુર રેલવે સ્ટેશન રાજ્યનું સૌથી મોટું અને વર્લ્ડ ક્લાસ રેલવે સ્ટેશન બનવા જઈ રહ્યું છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા આજે અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનના રીડેવલપમેન્ટની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. રેલવે સ્ટેશનના રીડેવલપમેન્ટની કામગીરી




ખૂબ જ ઝડપી ચાલી રહી છે. કાલુપુર રેલવે સ્ટેશન દેશનું વર્લ્ડ ક્લાસ રેલવે સ્ટેશન બનવા જઈ રહ્યું છે જેને લઈને માહિતી આપતા તેઓએ જણાવ્યું હતું કે, અમદાવાદનું કાલુપુર રેલવે સ્ટેશન શહેરની ઓળખ ધરાવતા એવા હેરિટેજ લુક સાથેનું રેલવે સ્ટેશન બનવા જઈ રહ્યું છે. શહેરીજનો અને અન્ય લોકોના સૂચનો આવ્યા હતા જેમાં અમદાવાદ હેરિટેજ શહેરની ઓળખ ધરાવે છે જેથી આ રેલવે સ્ટેશનના લૂકને હેરિટેજ બનાવવા માટે ડિઝાઈન બદલવામાં આવી છે. કાલુપુર રેલવે સ્ટેશનના રીડેવલપમેન્ટ અંગેની માહિતી આપતા તેઓએ જણાવ્યું હતું કે, કાલુપુર રેલવે સ્ટેશનનું કામ ખૂબ જ ઝડપી ચાલી રહ્યું છે. આ રેલવે સ્ટેશન ચાર વર્ષમાં બનીને તૈયાર કરવાનો સમય છે, પરંતુ સાડા ત્રણ વર્ષમાં જ આ રેલવે સ્ટેશન બની જાય તેવી ઝડપી કામગીરી કરવામાં આવી રહી છે.

# ભાવનગરમાં જનેતાએ નવજાત બાળકને તરછોડી દેતા ફીટકાર

ભાવનગર,તા.૦૧



ભાવનગર શહેરના તળાજા રોડ પર ટોપ-3 સિનેમા નજીક રોડ પર અવાવરૂ સ્થળે બાવળની કાંટાળી ઝાડીઓમાં કોઈ દયાહીન જનેતાએ પોતાની કુખે અવૈદ્ય સંબંધ કે અન્ય કોઈ કારણોસર જન્મેલી નવજાત બાળાને તરછોડી ફરાર થઈ ગઈ હતી. વહેલી સવારે મોર્નિંગ વોકમાં નીકળેલા મહેશ પંડ્યાએ બાળકીનો રડવાનો અવાજ આવતાં તેમણે લોકોને જાણ કરતાં યુવાનોએ ભરતનગર પોલીસ તથા ૧૦૮ને જાણ કરતાં કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ૧૦૮ના સ્ટાફે નવજાત બાળકીનો કબજો લઈ તેને સારવાર અર્થે સર ટી હોસ્પિટલમાં ખસેડી છે.

# ધો. ૧૨માં ભૌતિક વિજ્ઞાનના પેપરમાં છબરડો : પ્રશ્નના ઉત્તરનુ મુલ્યાંકન કરી માર્ક અપાશે

રાજકોટ,તા.૦૧

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગુરુવારે લેવાયેલા ભૌતિક વિજ્ઞાનના પેપરમાં દ્દષ્ટિહીન અને અન્ય વિદ્યાર્થી બંનેનું પેપર એકસાથે જ કાઢવામાં આવતા હજારો વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. વિદ્યાર્થીઓએ સુપરવાઈઝરને પૂછ્યું પણ તેમને પણ જાણ ન હોવાથી તેમણે પણ વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરતા ઘણા વિદ્યાર્થીઓએ પેપરમાં દ્દષ્ટિહીન વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ ભૂલથી લખી નાખતા મોટી મૂંઝવણ ઊભી રહી હતી. આ અંગે પેપર પૂરું થયા બાદ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં પણ ભારે રોષ અને વિરોધ થતા શુક્રવારે આખરે ગુજરાત બોર્ડે સ્પષ્ટતા કરી છે કે, ભૌતિક વિજ્ઞાનમાં વિદ્યાર્થીઓએ જે પ્રશ્નનો ઉત્તર આપ્યો હશે તેનું મૂલ્યાંકન કરી માર્ક આપશે.




# સુરેન્દ્રનગરમાં ગેરકાયદે ખનીજ ચોરી પર તંત્રનો સપાટો: ૩. ૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

સુરેન્દ્રનગર,તા.૦૧

સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદે ખનીજ ચોરી પર તંત્રએ ફરી એકવાર કડક કાર્યવાહી હાથ ધરી છે. વઢવાણ પ્રાંત અધિકારીની આગેવાની હેઠળની ટીમે કેરાળા નજીક ગેરકાયદે રેતીના વોશ પ્લાન્ટ પર સઘન દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીમાં તંત્રએ રૂ. ૩.૨૦ કરોડનો જંગી મુદ્દામાલ જપ્ત કર્યો હતો, જેમાં હિટાચી મશીન, ડમ્પર સહિત ૮ જેટલા



વાહનોનો સમાવેશ થાય છે. પ્રાંત અધિકારી નિકુંજ ધુલાએ આ દરોડા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, "અમને ચોક્કસ બાતમી મળી હતી કે કેરાળા નજીક ગેરકાયદે રેતીનો વોશ પ્લાન્ટ ધમધમી રહ્યો છે. આ માહિતીના આધારે, અમે તાત્કાલિક દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. દરોડા દરમિયાન અમે રૂ. ૩.૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ખનીજ ચોરો સામે અમારી ઝુંબેશ ચાલુ રહેશે અને કાયદાનો ભંગ કરનારાઓ સામે કડક પગલાં લેવામાં આવશે." આ દરોડાની કાર્યવાહીથી ખનીજ ચોરોમાં ભારે ફફડાટ ફેલાયો છે. તંત્રની આ સખત કાર્યવાહીએ ગેરકાયદે ખનીજ પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાના સરકારના નિર્ધારને વધુ મજબૂત બનાવ્યો છે.

# હર્ષદ નજીક મહાદેવની લીંગ ચોરી જનારાઓને જેલહવાલે કરાયા

જામનગર,તા.૦૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના યાત્રાધામ હર્ષદના દરીયાકિનારે ભીડભંજન મહાદેવ મંદિરમાંથી રાત્રી દરમિયાન શિવલિંગ ઉઠાવી જવાના પ્રકરણમાં પોલીસે ત્રણ મહિલા સહિત અગીયાર આરોપીની અટક કરી હતી. જેમાં બે આરોપીના એક દિવસના રીમાન્ડ મેળવી પોલીસે સઘન પુછતાછ હાથ ધરી છે. જયારે



ત્રણ મહિલા સહિત અન્ય નવ આરોપી જેલહવાલે કરાયા છે. યાત્રાધામ હર્ષદ(ગાંધવી)ના દરીયાકાંઠે સ્થિત પૌરાણિક ભીડભંજન મહાદેવ મંદિરમાંથી શિવલિંગ ઉઠાવી જવાના બનાવના પગલે પોલીસ વડા નિતેષ પાંડેય દ્વારા ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ,સાગર રાઠોડ અને એલસીબી પીઆઇ કે.કે. ગોહિલ, એસઓજી પીઆઈ પી.સી. સિંગરખીયા સહિતના અધિકારીઓની ખાસ ટીમ બનાવી ત્વરીત તપાસ હાથ ધરી હતી. પોલીસે ટેકનિકલ ઉપરાંત હ્યુમન સોર્સિસથી ત્વરીત જુદી જુદી દિશામાં તપાસ શરૂ કરી હતી.

# હું જ સરકાર, સરકાર કોર્ટમાં જતી નથી' : પૂર્વ શિક્ષણમંત્રીનો બફાટ

ગાંધીનગર,તા.૦૧

ગુજરાતના ભૂતપૂર્વ શિક્ષણ મંત્રી અને વિધાનસભાના પૂર્વ સ્પીકર રમણલાલ વોરાનો વધુ એક વિવાદ સામે આવ્યો છે.

રમણલાલ વોરાએ પોતાના ભત્રીજા જમાઈ લલિત પરમારને મળેલી નોટિસના પગલે પિત્તો ગુમાવ્યો હતો અને ગુજરાત નશાબંધી મંડળના પ્રમુખ વિવેક દેસાઈ સાથે કરેલી ગાળાગાળીના કારણે ગુજરાતની રાજનીતિમાં ઉકળતા ચરું જેવી સ્થિતિ બની ગઈ છે. મહત્વનું છે કે ગુજરાતના ભૂતપૂર્વ શિક્ષણમંત્રી રમણલાલ વોરાના ભત્રીજા જમાઈ લલિત પરમાર ગુજરાત નશાબંધી મંડળમાં કામ કરે છે. કોઈ કારણોસર લલિત પરમાર છેલ્લા એક મહિનાથી નોકરીએ ગયો નથી, જેના કારણે નશાબંધી મંડળે લલિત પરમારને નોટિસ પાઠવીને કયા કારણોસર આવતા નથી તેનો ખુલાસો માંગ્યો હતો. લલિત પરમારે નોટિસનો જવાબ આપવાના બદલે તેમના કાકાજી સસરા રમણલાલ વોરાને ફરિયાદ કરી નાંખી હતી.

# દમણમાં ટંડેલના ઘરમાંથી રૂા. ૧ કરોડનું સોનું અને ૮૦૦૦ યુ.કે. પાઉન્ડની થઈ ચોરી

દમણ,તા.૦૧

વલસાડના દમણમાં એક ચોરીની ઘટનાએ સ્થાનિકોમાં ખળભળાટ મચાવી દીધો છે. મોટી દમણના શાંત વિસ્તારમાં બનેલી આ ઘટનામાં, ચોરોએ માત્ર એક ઘરને જ નહીં, પરંતુ નજીકના મંદિરને પણ નિશાન બનાવ્યું હતું. લંડનમાં સ્થાયી થયેલો ટંડેલ પરિવાર, જેઓ હાલમાં જ તેમના વતન મોટી દમણની મુલાકાતે આવ્યા હતા, તેમના ઘરને ચોરોએ લૂંટી લીધું હતું. ચોરોએ ઘરમાંથી અંદાજે ૧ કરોડનું સોનું અને ૮,૦૦૦ યુ.કે. પાઉન્ડની ચોરી કરી હતી.

ચોરોએ તેની ચોરીનું પ્રદર્શન માત્ર ઘરમાં જ નહીં, પરંતુ ઘરની સામે આવેલા શ્રી રણછોડરાયજી મંદિરમાં પણ કર્યું હતું. મંદિરમાં પ્રવેશ કરીને, તેઓએ દાનપેટી તોડી અને અંદરથી લગભગ ૨૦-૨૫ હજારની રોકડ રકમ ચોરી લીધી હતી. આ ઘટનાથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે અને પોલીસ પેટ્રોલિંગની કાર્યક્ષમતા પર સવાલો ઉભા થયા છે.